dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-316 | AD-2026, Shravan Sud-10 | Saturday, Dt.22-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## રાહુલ ગાંધીના આક્રમક વલણ પછી દિલ્હી પોલીસ ઝૂકી

# રાહુલ ગાંધીના ધરણા બાદ દિલ્હી પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે FIR નોંધી

નવી દિલ્હી, તા.૨૧

દિલ્હીના જંતર-મંતર ખાતે પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થી સાહિલ લોચબની ફરિયાદના આધારે દિલ્હી પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆર FIR નોંધતાં આ કેસ દેશભરમાં ભારે ચર્ચામાં આવ્યો છે. વિદ્યાર્થીનો ગંભીર આક્ષેપ છે કે પેલેટ ગનના છરા વાગવાથી તેની એક આંખની રોશની જતી રહી છે. આ મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી શુક્રવારે બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યે ધરણા સ્થળે પહોંચ્યા હતા. તેમણે પીડિત વિદ્યાર્થીની મુલાકાત લઈ સમગ્ર ઘટનાની વિગતવાર માહિતી મેળવી હતી, જેના બાદ પોલીસ દ્વારા અજાણ્યા વ્યક્તિ સામે કાયદેસર કેસ દાખલ કરવામાં આવ્યો છે.

રાહુલ ગાંધીની સાથે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી સહિત અનેક વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ હાજર રહ્યા હતા. પેલેટ ગનથી ઘાયલ થયેલા વિદ્યાર્થી સાહિલ લોચબ સાથે રાહુલ ગાંધી રૂબરૂ ડીસીપી કચેરી પહોંચ્યા હતા અને અત્યાર સુધી થયેલી તપાસ તથા પોલીસ કાર્યવાહી અંગે અહેવાલ માગ્યો હતો. સાહિલ લોચબ અને તેમના પરિવારનો આક્ષેપ છે કે ૨૦ જુલાઈના રોજ દિલ્હીમાં 'ચલો સંસદ' માર્ચ દરમિયાન પોલીસ કાર્યવાહી વખતે પેલેટ ગનના ફાયરિંગથી સાહિલ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જોકે, દિલ્હી પોલીસે પેલેટ ગનના ઉપયોગના તમામ આરોપોને સ્પષ્ટપણે ફગાવી દીધા હતા.



સાહિલની ફરિયાદના આધારે એફઆઈઆર નોંધવાની માગ સાથે રાહુલ ગાંધી અને સાહિલ પહેલાં કનોટ પ્લેસ પોલીસ સ્ટેશન અને ત્યારબાદ સંસદ માર્ગ પોલીસ સ્ટેશન ખાતેની ડીસીપી કચેરીએ ગયા હતા, જ્યાં તેમણે અધિકારીઓ પાસેથી તપાસની વર્તમાન સ્થિતિનો રિપોર્ટ માગ્યો હતો.

મીડિયા સાથેની વાતચીતમાં રાહુલ ગાંધીએ તીખા પ્રહારો કરતાં કહ્યું, "૨૦ જુલાઈના રોજ કનોટ પ્લેસમાં પેલેટ ગનથી ફાયરિંગ કરવામાં આવ્યું હતું. સાહિલને ૨૦૦થી વધુ પેલેટ વાગ્યા છે. એમ્સ (AIIMS) ના મેડિકલ રિપોર્ટમાં પણ તેના શરીરમાં રહેલી પેલેટની સંખ્યા દર્શાવવામાં આવી છે. દિલ્હી પોલીસ કહે છે કે તેમણે પેલેટ ગન ચલાવી નથી, પરંતુ જો તેમણે ગોળીઓ નથી ચલાવી તો પછી આ ફાયરિંગ કોણે કર્યું? અમે માત્ર એફઆઈઆર નોંધવાની માગ કરી રહ્યા છીએ અને જ્યાં સુધી એફઆઈઆર નોંધાશે નહીં ત્યાં સુધી અમે અહીંથી હટીશું નહીં."

રાહુલ ગાંધીએ વધુમાં આક્ષેપ કર્યો કે પોલીસને ઉપરથી એફઆઈઆર ન નોંધવાનો આદેશ મળ્યો છે અને પીડિત પરિવારને એક પોલીસ સ્ટેશનથી બીજા પોલીસ સ્ટેશને ધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે. તેમણે ગૃહમંત્રી સામે પણ સવાલ ઉઠાવ્યો કે તેઓ ન્યાય આપવાથી આટલા કેમ ડરે છે. સામે દિલ્હી પોલીસે જણાવ્યું કે રાહુલ ગાંધી પોતે આ કેસમાં ફરિયાદી નથી.

કોંગ્રેસના સૂત્રો મુજબ, રાહુલ ગાંધીએ દિલ્હી પોલીસ પાસે તપાસ અધિકારીનો નંબર માગ્યો હતો, પરંતુ ડીસીપીએ આપ્યો ન હતો. જોઈંત સીપી નુપુર પ્રસાદ સાથેની બેઠક બાદ રાહુલ ગાંધી પોલીસ સ્ટેશન બહાર અચાનક ધરણા પર બેસી ગયા હતા.

બીજી તરફ, ભાજપ નેતા સ્મૃતિ ઈરાનીએ પ્રહાર કરતાં કહ્યું કે, "રાહુલ ગાંધી દેશની દરેક સંસ્થા વિરુદ્ધ છે. શું તેઓ અર્ધલશ્કરી દળો વિરુદ્ધ એફઆઈઆર નોંધાવવા આવ્યા છે?" આ રાજકીય ઘમાસાણ બાદ આખરે દિલ્હી પોલીસે સાહિલની ફરિયાદ પર અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆર નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ૧૭ દિવસમાં ખાંડના ભાવમાં રૂ. ૨૦નો વધારો, કેજરીવાલે ઈથેનોલ નીતિને જવાબદાર ઠેરવી

નવી દિલ્હી, તા. ૨૧

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દેશમાં ખાંડના ભાવમાં થયેલા વધારા અંગે કેન્દ્ર સરકારની ઈથેનોલ નીતિ પર સવાલ ઉઠાવ્યા છે. કેજરીવાલે આક્ષેપ કર્યો છે કે શેરડીમાંથી ઈથેનોલનું ઉત્પાદન વધારવા માટે શેરડીનો ઉપયોગ વાળવામાં આવતા ખાંડનું ઉત્પાદન ઘટ્યું છે અને તેના પરિણામે ખાંડના ભાવમાં વધારો થયો છે.એક વીડિયો જાહેર કરીને કેજરીવાલે જણાવ્યું હતું કે ૧૭ દિવસ પહેલાં ખાંડનો ભાવ




પ્રતિ કિલો રૂ.૪૬ આસપાસ હતો, જે હવે વધીને રૂ.૬૫ સુધી પહોંચી ગયો છે. તેમના દાવા મુજબ, આ સમયગાળામાં ખાંડના ભાવમાં પ્રતિ કિલો આશરે રૂ.૨૦નો વધારો થયો છે. કેજરીવાલે કહ્યું હતું કે પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવાનો નિર્ણય વિદેશમાંથી પેટ્રોલિયમની આયાત પાછળ ખર્ચાતા વિદેશી હૂંડિયામણની બચત કરવાના હેતુથી લેવામાં આવ્યો હતો. જોકે, તેમના મતે ઈથેનોલના ઉત્પાદન માટે શેરડીનો ઉપયોગ વધારવાથી ખાંડની ઉપલબ્ધતા પર અસર થઈ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભારત અગાઉ ખાંડની નિકાસ કરતું હતું, પરંતુ હવે ખાંડની આયાત કરવાની સ્થિતિ ઊભી થઈ રહી છે. તેમણે સવાલ કર્યો હતો કે તેલની આયાતમાં બચાવેલું વિદેશી હૂંડિયામણ હવે ખાંડની આયાત પાછળ ખર્ચવું પડશે. પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણ અંગે કેજરીવાલે દાવો કર્યો હતો કે તેનાથી વાહનોના માઈલેજમાં ઘટાડો થઈ રહ્યો છે અને વાહનોને નુકસાન થવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. બીજી તરફ, ખાંડના ભાવ વધતા સામાન્ય ગ્રાહકો પર વધારાનો આર્થિક બોજ પડી રહ્યો છે.કેજરીવાલે નોટબંધી અને કોરોના મહામારી દરમિયાન સરકારના નિર્ણયોનો ઉલ્લેખ કરીને પણ કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. જોકે, ખાંડના ભાવમાં વધારા પાછળ ઈથેનોલ નીતિ ઉપરાંત શેરડીનું ઉત્પાદન, બજારની માંગ, ઉપલબ્ધ સ્ટોક અને અન્ય આર્થિક પરિબળોની પણ અસર થઈ શકે છે.

# ઝારખંડ હાઈકોર્ટનો જેએસએસસી સીજીએલ પરીક્ષા રદ કરવાના નિર્ણય પર સ્ટે

રાંચી, તા.૨૧

ઝારખંડમાં ભરતી પરીક્ષાઓને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે ઝારખંડ હાઈકોર્ટે જેએસએસસી સીજીએલ પરીક્ષા રદ કરવાના રાજ્ય સરકારના નિર્ણય પર સ્ટે આપ્યો છે. હાઈકોર્ટના આ આદેશથી પરીક્ષા પાસ કરીને પસંદગી પામેલા ૧,૯૩૨ ઉમેદવારોને મોટી રાહત મળી છે. આમાંથી અનેક ઉમેદવારોને નિમણૂક પત્રો મળી ચૂક્યા છે અને તેઓ વિવિધ સરકારી વિભાગોમાં ફરજ બજાવી રહ્યા છે. રાજ્ય સરકારે ભરતી પરીક્ષાઓમાં કથિત



અનિયમિતતાઓ અને તપાસના તારણોના આધારે જેએસએસસી સીજીએલ સહિત અનેક પરીક્ષાઓ રદ કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયને પડકારતાં સીજીએલમાં પસંદ થયેલા ઉમેદવારોએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. અરજદારોની દલીલ હતી કે જો પરીક્ષામાં કોઈ ગેરરીતિ થઈ હોય તો તેની તપાસ કરીને જવાબદાર વ્યક્તિઓ સામે કાર્યવાહી કરવી જોઈએ. સમગ્ર પરીક્ષા અને પસંદગી પ્રક્રિયા રદ કરવાથી મહેનત કરીને પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોના ભવિષ્ય પર ગંભીર અસર પડશે. ઉમેદવારોએ જણાવ્યું હતું કે કથિત અનિયમિતતાઓમાં તેમની કોઈ ભૂમિકા નથી, તેથી અન્યની ભૂલની સજા તમામ સફળ ઉમેદવારોને આપવી અન્યાયી છે. જેએસએસસી સીજીએલના પરિણામ બાદ કુલ ૧,૯૩૨ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. અનેક ઉમેદવારોને નિમણૂક પત્રો મળ્યા છે અને તેઓ સરકારી વિભાગોમાં કાર્યરત છે. પરીક્ષા રદ થાય તો તેમની નિમણૂકની માન્યતા અને રોજગારની સ્થિતિ પર પ્રશ્નો ઊભા થઈ શકે તેમ હતા. હાઈકોર્ટના સ્ટેના કારણે હાલ આ ઉમેદવારોને રાહત મળી છે. બીજી તરફ, રાજ્ય સરકારનો તર્ક છે કે ભરતી પરીક્ષાઓની નિષ્પક્ષતા અને પારદર્શિતા અંગેપ્રશ્નો ઊભા થયા હોવાથી સમગ્ર મામલાની તપાસ જરૂરી છે.

## વિનાશ પરિણામો પ્રાપ્ત કરી શકતો નથી, તેનો હકારાત્મક રીતે ઉકેલ લાવવો જોઈએ

# જંતર-મંતરનું આંદોલન પ્રણાલીગત નિષ્ફળતાનું પરિણામ : આરએસએસ

નવી દિલ્હી, તા.૨૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)એ જંતર-મંતર પર થયેલા આંદોલનને પ્રણાલીગત નિષ્ફળતાનું પરિણામ ગણાવ્યું છે. વિશાખાપટ્ટનમમાં યોજાયેલી અખિલ ભારતીય સંકલન બેઠક દરમિયાન આ મુદ્દે ચર્ચા થઈ હતી. સંઘે સરકારને જરૂરી પગલાં લેવા તેમજ સમાજને પણ પોતાના સ્તરે પ્રયાસો કરવાની અપીલ કરી





હતી.

આરએસએસના નેતા મુકુંદ સીઆરએ જણાવ્યું હતું કે હિંસા કે વિનાશથી કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકતો નથી. યુવાનોની ચિંતાઓને હકારાત્મક રીતે સંબોધવાની જરૂર છે. રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની સરકારી સંસ્થાઓની વ્યવસ્થામાં રહેલી ખામીઓને કારણે યુવાનોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે અને તેઓ પોતાના ભવિષ્ય અંગે ચિંતિત છે. આ મુદ્દે સરકાર અને સમાજે સાથે મળીને વ્યવસ્થાની ખામીઓ દૂર કરવા પ્રયાસ કરવો જોઈએ.

બેઠકમાં બદલાતા વસ્તીવિષયક સંતુલન અંગે પણ ચર્ચા થઈ હતી. આ ઉપરાંત, યુવાનોમાં ડ્રગ્સના વધતા દુરુપયોગ અને તેમને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

મુકુંદ સીઆરે જણાવ્યું કે બેઠકમાં આરએસએસ વડા દ્વારા પ્રસ્તાવિત 'પાંચ ફેરફારો', કૌટુંબિક મૂલ્યોનું જતન, સંઘના કાર્યના વિસ્તરણ અને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI)ની અસર જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી.

# સાગરમાં ઓટો ડ્રાઈવરના ઘરમાંથી રૂ.૩.૨ કરોડથી વધુ રોકડ મળતા ચકચાર

ભોપાલ,તા.૨૧

સાગરના ગોપાલગંજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઓટો ડ્રાઈવર સૌરભ આહિરવારના ઘરેથી રૂ.૩.૨ કરોડથી વધુ રોકડ મળી આવતાં ચકચાર મચી છે. ૧૬ ઓગસ્ટે પોલીસે દરોડો પાડી રોકડ જપ્ત કરી હતી. હવે લોકાયુક્તે તપાસ હાથ ધરી પાંચ સભ્યોની વિશેષ તપાસ ટીમ બનાવી છે. લોકાયુક્ત એસપી દુર્ગેશ રાઠોડના જણાવ્યા મુજબ, પીડબ્લ્યુડી એન્જિનિયર રમેશ આહિરવારની મિલકત સહિત અન્ય પાસાઓની તપાસ થઈ રહી છે. ટીમ રોકડના સ્ત્રોત, વાસ્તવિક માલિક અને સંડોવાયેલા લોકોની ભૂમિકાની તપાસ કરશે.









**તાલુકાના નાગરિકોને સારી સુવિધા મળે તે હેતુથી ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે**

# અમરેલીમાં રૂ. પાંચ કરોડના ખર્ચે તાલુકા પંચાયતનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૧

અમરેલીમાં એસ.ટી. ડેપો નજીક રૂ. ૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર આધુનિક તાલુકા પંચાયત ભવનનું ખાતમુહૂર્ત રાજ્યના ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. તાલુકાના નાગરિકો, સરપંચો, પંચાયતના સભ્યો તેમજ વિવિધ કામ માટે આવતા અરજદારોને વધુ સારી અને સુવિધાજનક સેવાઓ મળી રહે તે હેતુથી આ નવા ભવનનું નિર્માણ કરવામાં આવશે. નવા ભવનનું બાંધકામ ૧૧ મહિનાની સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.અમરેલી તાલુકા પંચાયતની હાલની જૂની ઈમારત નાની અને અનેક પ્રકારની અસુવિધાઓથી ભરેલી હોવાથી લાંબા સમયથી વહીવટી કામગીરીમાં મુશ્કેલી સર્જાતી હતી. તાલુકાના વિવિધ ગામોમાંથી આવતા નાગરિકો અને સરપંચોને પણ જરૂરી કામકાજ માટે જગ્યા અને અન્ય સુવિધાઓના અભાવે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ અંગે સ્થાનિક નાગરિકો અને લોકપ્રતિનિધિઓ દ્વારા લાંબા સમયથી નવી ઈમારતની માંગ કરવામાં આવી રહી હતી. સ્થાનિકોની રજૂઆતોને ધ્યાને લઈને



રાજ્ય સરકારે નવી જગ્યા પર આધુનિક તાલુકા પંચાયત ભવન બનાવવાની મંજૂરી આપી હતી. એસ. ટી. ડેપોની નજીક જ નવા ભવનનું નિર્માણ થનાર હોવાથી તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી આવતા નાગરિકો માટે અહીં પહોંચવું વધુ સરળ બનશે. નવા ભવનમાં વહીવટી કામગીરી માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ખાતમુહૂર્ત પ્રસંગે ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાએ બાંધકામ સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરને નિર્ધારિત ૧૧ મહિનામાં કામ પૂર્ણ કરવા સૂચના આપી હતી. તેમણે કામની ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ન થાય તે અંગે પણ સ્પષ્ટ સૂચના આપી હતી. આ ઉપરાંત તાલુકા પંચાયતના સભ્યો અને સરપંચોને બાંધકામ દરમિયાન નિયમિત સ્થળ મુલાકાત લઈને કામગીરીની ચકાસણી કરવા પણ અપીલ કરી હતી. કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિકાસના તમામ કામો ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે માટે ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે. અમરેલીને મળનાર આ આધુનિક તાલુકા પંચાયત ભવનથી આગામી સમયમાં તાલુકાના લોકોને વધુ સારી વહીવટી સેવાઓ અને સુવિધાઓ મળી રહેશે. વર્ષોથી ચાલી આવતી અસુવિધાનો અંત આવી નાગરિકોને સુગમતા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## અમરેલી પોસ્ટલ ડિવિઝન હેઠળ ૩ સપ્ટેમ્બરે વિભાગીય ડાક અદાલત યોજાશે

અમરેલી, તા.૨૧

અમરેલી પોસ્ટલ ડિવિઝન હેઠળની ટપાલ કચેરીઓ દ્વારા મળતી સેવાઓ અંગે ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે તા.૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે અમરેલી ખાતે વિભાગીય ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી પોસ્ટલ ડિવિઝનને લગતા પ્રશ્નોની રજૂઆત ડી.એસ. ભૂતેયા, આઈ.પી.ઓ. (પી.જી.), અમરેલી ડિવિઝનને તા.૨૮ ઓગસ્ટ સુધીમાં મોકલવાની રહેશે. ટપાલ સેવાઓ અંગેની ફરિયાદ ઈ-મેઈલ દ્વારા પણ કરી શકાશે. નિયત તારીખ સુધી મળેલી અરજીઓ પર ડાક અદાલતમાં વિચારણા કરવામાં આવશે. પ્રશ્નો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જરૂરી છે. નીતિ વિષયક તથા સમુદાય પ્રકારની અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. અરજદારોને સ્થળે સ્વખર્ચે હાજર રહેવાની રહેશે.

## લીલીયા પંથકમાં દારૂબંધી અને રેત ખનન સામે કડક કાર્યવાહી કરવા વિપુલ દુધાતની માંગ

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં દારૂબંધી અને ગેરકાયદેસર રેતી ખનન માત્ર કાગળ પર જ અમલમાં હોવાના આક્ષેપ સાથે પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય વિપુલકુમાર મગનભાઈ દૂધાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને રજૂઆત કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, સરકારની કડક સૂચનાઓ હોવા છતાં પોલીસ અધિકારીની મીઠી નજર તળે લીલીયા શહેર અને તાલુકાના ૩૭ ગામોમાં દારૂનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે, તેમજ શેત્રુંજી નદીમાંથી ગેરકાયદેસર રેતી ખનન ચાલુ છે. લોકચર્ચા મુજબ, છેલ્લા



પાંચ વર્ષમાં દારૂના કારણે ૨૫ થી ૫૦ વર્ષની વયના આશરે ૭૫ થી ૮૦ લોકોના મોત થયા છે. કમાનાર વ્યક્તિ ગુમાવતા અનેક પરિવારો નિરાધાર બન્યા છે.

રેતી ખનનના વાહનોના અકસ્માતથી પણ મૃત્યુ થયા છે. આ પરિસ્થિતિ અંગે યોગ્ય તપાસ કરી કડક અમલવારી કરવા માંગ કરવામાં આવી છે.

## બાબરાના થોરખાણ ગામે ૧૯ લીટર દેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો

બાબરા, તા.૨૧

બાબરા તાલુકાના થોરખાણ ગામે જીવાપર રોડ વિસ્તારમાં દેશી દારૂનું વેચાણ કરતા શખ્સ સામે પોલીસે કાર્યવાહી કરી છે. બાતમીના આધારે પોલીસે રહેણાંક મકાનમાં દરોડો પાડતા શાયરભાઈ કેશુભાઈ ચારોલીયા (ઉં.વ.૩૦) મળી આવ્યો હતો. મકાનના ખુલ્લા ભાગમાંથી પ્લાસ્ટિકના કેનમાં ભરેલો ૧૯ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે રૂ.૩,૮૦૦નો દારૂ અને રૂ.૪૦ની પ્લાસ્ટિક કેન મળી કુલ રૂ.૩,૮૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે શાયરભાઈ ચારોલીયાને ઝડપી લઈ બાબરા પોલીસ મથકે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ) હેઠળ ગુનો નોંધ્યો છે. આ કાર્યવાહી રાજેન્દ્રસિંહ વાધેલા, જગદિશભાઈ રામાણી અને વિજયભાઈ ચારડીયાએ કરી હતી. વધુ તપાસ કિરણભાઈ સોલંકી ચલાવી રહ્યા છે.

## બગસરાના શિવ દેસાણીએ ચેસ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો

બગસરા, તા.૨૧

**S.G.F.I.** દ્વારા યોજાયેલ જિલ્લા કક્ષાની રમતગમત સ્પર્ધામાં બગસરાના વિદ્યાર્થી શિવ નિલેશકુમાર દેસાણીએ અંડર-૧૭ કેટેગરીની ચેસ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

બાળપણથી ચેસ રમવાનો શોખ ધરાવતા શિવે પોતાની બુદ્ધિમત્તા અને રણનીતિથી હરીફોને માત આપી આ સિદ્ધિ મેળવી હતી. તેની સફળતાથી બગસરા શહેર અને



દેસાણી પરિવારનું ગૌરવ વધ્યુ છે. હવે શિવ રાજ્ય કક્ષાની ચેસ સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. તેની સિદ્ધિ બદલ શાળા પરિવાર અને સ્નેહીજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ભૂરખીયા હનુમાનજી મંદિરે ૧૦૧મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૧

ભૂરખીયા હનુમાનજી મંદિર ખાતે ૧૦૧મો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે તા.૨૦ ઓગસ્ટના રોજ યોજાયેલા કેમ્પમાં કુલ ૧૮૭ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૬૯ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવ્યા હતા. પાંચ દર્દીઓના વેલના ઓપરેશન કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૮ દર્દીઓએ રાહત દરે ચશ્મા માટે ઓર્ડર આપ્યો હતો. સુદર્શન નેત્રાલયના ડોક્ટરો સહિતની ટીમે પ્રશંસનીય સેવા આપી હતી.

## બાબરાના કરિયાણામાં પાન-માવાની દુકાનમાંથી દેશી દારૂ ઝડપાયો

**બાબરા પોલીસે દરોડો પાડી ૬ લીટર દેશી દારૂ સહિત રૂ.૩,૧૫૦નો મુદ્દામાલ કબજે કર્યો**

બાબરા, તા.૨૧

બાબરા તાલુકાના કરિયાણા ગામે પાન-માવાની દુકાનમાં પોલીસે દરોડો પાડી દેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. તા.૧૯ ઓગસ્ટે રાત્રે આશરે ૭:૪૫ વાગ્યે પોલીસને મળેલી બાતમીના આધારે દુકાનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૬ લીટર દેશી પીવાનો દારૂ મળી આવ્યો હતો, જેની કિંમત રૂ.૩,૧૫૦ હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે. પોલીસે દારૂ સહિત અન્ય સામગ્રી કબજે કરી હતી. આ મામલે કરિયાણા ગામના દિલીપભાઈ પરશોતમભાઈ સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ) હેઠળ ગુનો નોંધાયો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ કર્મચારી રાહુલભાઈ ધાપાએ ફરિયાદ નોંધાવતા બાબરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ૭૦મી એસ.જી.એફ.આઈ. કબડ્ડી સ્પર્ધામાં સાવરકુંડલાના ધ્રુવ મેરની રાજ્યકક્ષાએ પસંદગી

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થી મેર ધ્રુવની ૭૦મી એસ.જી.એફ.આઈ. કબડ્ડી સ્પર્ધામાં રાજ્યકક્ષાએ પસંદગી થઈ છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ રમતપ્રદર્શન કરી ધ્રુવે આ સિદ્ધિ મેળવી છે. તેની સફળતા બદલ શાળા સંચાલકો, ઈન્ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટ, શિક્ષકગણ તથા રમતગમત શિક્ષક સાવજ



તસવીર : સૌરભ દોશી

નીતિન સહિત માર્ગદર્શકોએ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યકક્ષાએ પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવાઈ હતી.

## બગસરામાં પોલીસ અધિકારીઓએ બગેશ્વર મહાદેવની પૂજા કરી

બગસરા, તા.૨૧

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે બગસરા શહેરના પૌરાણિક બગેશ્વર મહાદેવ મંદિરે બગસરામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓએ પૂજા-અર્ચનાનો લાભ લીધો હતો. પી.આઈ. વી.કે. ગોલવેલકર તથા પી.એસ.આઈ. મારૂ ભક્તિભાવપૂર્વક મહાદેવની પૂજા



તસવીર : હાર્દિક બામટા

કરી હતી. સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણી ભીખુભાઈ મહેતાની ઉપસ્થિતિમાં બગસરાના પ્રખર શાસ્ત્રી ઈશુભાઈ પંડયાએ ધાર્મિક વિધિ કરાવી હતી. બગેશ્વર મહાદેવ મંદિર બગસરાની આસ્થાનું પૌરાણિક કેન્દ્ર હોવાનું સ્થાનિકોમાં માનવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન મંદિરે ભક્તો મોટી સંખ્યામાં દર્શન કરવા ઉમટી રહ્યા છે.

**બગેશ્વર મહાદેવ મંદિરે ભક્તોની બહોળી સંખ્યામાં હાજરી**

## બગસરામાં આજરોજ પૂ.છગન ભગતની પુણ્યતિથિએ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

અમરેલી,તા.૨૧

બગસરા રામદેવપીર મંદિરના મહંત સ્વ. છગન ભગતની ૧૪મી પુણ્યતિથિ નિમિત્તે શનિવાર, તા. ૨૨ ઓગસ્ટના રોજ બગસરા તાલુકાના માધ્યમિક વિભાગના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે. રામદેવપીર મંદિર, ટેલિફોન એક્સચેન્જ ખાતે આવેલા સ્વ. છગન ભગતના સમાધિ સ્થાન પર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે સુરતના અગ્રણી ઘનશ્યામ બિરલાએ જણાવ્યું હતું કે, પૂજ્ય પિતાજી છગન ભગતને વિદાય લીધે ૧૪ વર્ષ પૂર્ણ થયા છે. તેમની સ્મૃતિ કાયમી જળવાઈ રહે તે માટે છગનભાઈ ગાંડાભાઈ વસાણી સદભાવના ટ્રસ્ટની રચના કરવામાં આવી છે. કાર્યક્રમમાં રાજકીય-સામાજિક આગેવાનો તેમજ સંતો-મહંતો ઉપસ્થિત રહેશે.









# મહેશ કસવાળાએ વિધાનસભા વિસ્તારના કામોની સમીક્ષા કરી

અમરેલી,તા.૨૧



સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશ કસવાળાએ અટલધારા કાર્યાલય ખાતે વિકાસકાર્યોની સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં નગરપાલિકાના પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ તેમજ સંબંધિત એજન્સીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સાવરકુંડલા શહેર સહિત સમગ્ર વિધાનસભા વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ અને કામગીરીની ગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ બાકી રહેલા કામોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. ધારાસભ્ય મહેશ કસવાળાએ અધિકારીઓ તથા એજન્સીના પ્રતિનિધિઓ પાસેથી કામોની પ્રગતિ અંગે માહિતી મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી. વિકાસકાર્યોમાં કોઈપણ પ્રકારનો વિલંબ ન થાય અને તમામ કામો સમયસર પૂર્ણ થાય તે માટે તેમણે ભાર મૂક્યો હતો. જનહિતના કામોને પ્રાથમિકતા આપી ગુણવત્તા જાળવી ઝડપી કામગીરી કરવા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# દિલીપ સંઘાણીની હાજરીમાં ચલાલા ખાતે ખેતી વિષયક સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ

અમરેલી,તા.૨૧



ચલાલા (દાનાભગત) ખાતે ઈફકો અને ગુજકોમાસલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની અધ્યક્ષતામાં કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ (CARD) તથા ચલાલા સ્ટેશનપરા ખેતી વિષયક સહકારી મંડળી લિમિટેડની ૪૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ પ્રસંગે ખેડૂત સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન મંડળીના પ્રમુખ અને અમરેલી જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના જયંતિભાઈ પાનસુરિયા દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠકમાં ઉપસ્થિત ખેડૂતોને કૃષિ ક્ષેત્રના વિકાસ, સહકારિતા અને ગ્રામ વિકાસને લગતા વિવિધ વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખેડૂતોના હિતને લગતા પ્રશ્નો અને કૃષિ ક્ષેત્રની વિવિધ બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા આગેવાનો તથા મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પાર્થેશ્વર મહાદેવનું પૂજન

અમરેલી, તા.૨૧



શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શ્રાવણ માસના પ્રથમ સોમવારે વિદ્યાર્થીઓ દ્વારા માટીના શિવલિંગ બનાવી તેનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. શાળાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ પાર્થેશ્વર શિવલિંગનું મહાત્મ્ય સમજાવી બાળકો દ્વારા બનાવેલા શિવલિંગની પ્રશંસા કરી હતી. વિદ્યાર્થીઓએ ભજનો અને સ્તુતિ રજૂ કર્યા હતા. ઝવેરચંદ મેઘાણીની જયંતી નિમિત્તે મેઘાણીના ગીતો પણ રજૂ કરાયા હતા. શિક્ષકોએ મેઘાણીના જીવન અંગે માહિતી આપી હતી.

# રાજુલા તાલુકાના નીંગાળા-૦૧ ગામે પારિવારિક ઝઘડામાં ધમકી આપી

**સામસામે ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા.૨૧

રાજુલાના નીંગાળા-૦૧ ગામે પારિવારિક ઝઘડામાં ધમકી આપવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી.લક્ષ્મણભાઈ ગાંડાભાઈ લાખણોત્રા (ઉ.વ.૫૨) એ રમેશભાઈ લાભુભાઈ લાખણોત્રા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા આરોપીના કાકા વચ્ચે અગાઉ સામસામે મારામારીનો ગુનો દાખલ થયો હતો. જે બાબતનું મનદુઃખ રાખી આરોપી તેમના પરિવાર સાથે નાના-મોટા ઝઘડા કરતો હતો. તેમને ઉશ્કેરવાના ઈરાદાથી પોતાની મોટરસાઈકલ તેમની મોટરસાઈકલ સાથે સામાન્ય અડાડી જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સામે પક્ષે રમેશભાઈ લાભુભાઈ લાખણોત્રા (ઉ.વ.૩૨)એ લક્ષ્મણભાઈ ગાંડાભાઈ લાખણોત્રા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કાકા કનુભાઈ મેણસીભાઈ લાખણોત્રા તથા આરોપી વચ્ચે સામસામે મારામારીની ફરિયાદ થઈ હતી. આરોપી તેમના પરિવાર સાથે નાના-મોટા ઝઘડા કરતો હતો. જેનું મનદુઃખ રાખી તેમને ઉશ્કેરી મોટરસાઈકલ અડાડી તેમની સાથે બોલાચાલી કરી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બ્રહ્મકુમારી અમરેલી દ્વારા રવિવારે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

**રક્તદાન કરવા સામાજિક સંસ્થાઓ દ્વારા રક્તદાતાઓને અપીલ**

અમરેલી, તા.૨૧

બ્રહ્માકુમારી અમરેલી દ્વારા ગીનપાર્ક સોસાયટી, કેરીયારોડ, દિવ્યઅનુભૂતિ ભવન ખાતે તા.૨૩ ઓગસ્ટ, રવિવારે સવારે ૯ થી ૧૨ તથા બપોરે ૩ થી ૫ વાગ્યા સુધી વિશ્વ બંધુત્વ રક્તદાન મહા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. વેપારી મહામંડળ, રોટરી ક્લબ અમરેલી (ગીર) તથા રેડક્રોસ સોસાયટીના સંયુક્ત સહકારથી યોજાનારા આ શિબિરમાં લોકોને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. રક્તદાન માત્ર રક્ત આપવું નથી, પરંતુ બીજાના જીવનને બચાવવાનો પ્રયાસ છે. આયોજકો દ્વારા રક્તદાતાઓને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરવામાં આવી છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ. કપિલકુમાર નર્મદાશંકર જોષી ( ઉ. વર્ષ -૬૩)નું તારીખ ૨૦/૦૮/૨૦૨૬ ગુરુવારના સાંજના ચાર કલાકે દુ:ખદ અવસાન થયેલ છે. તેઓ સ્વ. નર્મદાશંકર પરસોત્તમભાઈ જોષીના પુત્ર તેમજ ચંદ્રિકાબેન કપિલકુમાર જોષીના પતિ, મયુરભાઈ જોષીના નાનાભાઈ , ધર્મેન્દ્રભાઈ જોષી ના મોટાભાઈ થાય. સદગતની સંયુક્ત સાદડી તા. ૨૨/૦૮/૨૦૨૬ શનિવારના રોજ બપોરે ૦૩:૦૦ થી ૦૬:૦૦ કલાકે પરશુરામ ઉપવન, સાવરકુંડલા રાખેલ છે.

## અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

"અમર ડેરી" અમર ત્રીભેટો, ધારી રોડ – અમરેલી

ક્રમાંક /અમર/એડી/એમ.ડી./૫૬/ ૨૬-૨૭ — તારીખ ૨૧/૦૮/૨૦૨૬

### સૂચનાપત્ર

અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ના શેર હોલ્ડર્સને તથા સૂચિત દૂધ મંડળીઓના પ્રાયોજકોને જાણ કરવામાં આવે છે કે, આ દૂધ સંઘની ૨૪ મી વાર્ષિક સાધારણ સભા આગામી તારીખ ૦૯/૦૯/૨૦૨૬ ને બુધવાર ના રોજ સવારના ૦૯-૪૫ કલાકે સેન્ટર ઓફ એકસેલન્સ, ET/IVF લેબ, ધારી રોડ, અમર દાણ ફેકટરી સામે નીચેના કામો માટે મળશે.

**:: એજન્ડા ::**

૧. ગત તારીખ ૨૧/૦૯/૨૦૨૫ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાનીકાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. દૂધ સંઘનું તા. ૩૧/૦૩/૨૦૨૬ આખરનું નિયામક મંડળ તથા ઓડીટર દ્વારા પ્રમાણિત કરેલ સરવૈયું, નફા-નુકશાન ખાતાના હિસાબો અને અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. એકઝીક્યુટીવ કમિટી અને અન્ય કમિટીઓ દ્વારા તા.૦૧/૦૪/૨૫ થી તા.૩૧/૦૩/૨૬ સુધી કરાયેલ કામગીરીને બહાલી આપવા બાબત.
૪. નિયામક મંડળે કરેલ ભલામણ મુજબ સને ૨૦૨૫/૨૦૨૬ નાં નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૫. દૂધ સંઘના સને ૨૦૨૫/૨૦૨૬ નો C.A.નો ઓડીટ મેમો તથા દુરસ્તી રીપોર્ટ વંચાણે લેવા બાબત.
૬. સને ૨૦૨૬/૨૦૨૭નાં વર્ષનું બજેટ મંજુર કરવા બાબત.
૭. દૂધ સંઘના પેટા નિયમ કલમ ૫ (૧) ૧૮ મુજબ જરૂરી કાર્યવાહી કરવાના અધિકાર આપવા બાબત.
૮. પ્રમુખશ્રી અથવા તેમની પરવાનગીથી અન્ય જે, રજુ થાય તેના પર ચર્ચા-વિચારણા કરવા બાબત.

**નોંધ**

૧. દરેક જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ સંઘની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો વાર્ષિક ઠરાવ કરી દૂધ સંઘને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે લાવવી.
૨. દૂધ સંઘના વ્યક્તિ સભાસદોનાં ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોક્ત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯-૩૦ કલાકે મળશે જેમાં તમામ વ્યક્તિ સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી.

નોંધ :- બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે .

સ્થળ:- અમર ડેરી, અમરેલી

બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સુચનાથી
ડો. આર. એસ. પટેલ
મેનેજીંગ ડીરેકટર
અમર ડેરી - અમરેલી

**બાબરામાં ભાવનગર-રાજકોટ હાઈવે પર ઘટના**

# 'આ જગ્યા પર શું કામ ભેગા થયા છો?' કહી યુવકને ફટકાર્યો

**હથિયાર બતાવી જાનથી મારવાની ધમકી આપી**

બાબરા, તા. ૨૧

બાબરામાં ભાવનગર-રાજકોટ હાઈવે પર એક યુવકને "આ જગ્યા ઉપર શું કામ ભેગા થયા છો?" તેમ કહી વાળ પકડીને પછાડી દેવાયો હતો અને માર મારવામાં આવ્યો હતો. આ ઉપરાંત હથિયાર બતાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.આ અંગે બાબરાના ઈંગોરાળા ગામે રહેતા ભાવેશભાઈ ગોબરભાઈ દાફડા (ઉ.વ.૩૪)એ નજકુભાઈ, જીલુભાઈ રાવતુભાઈ ખાચર, ભવદીપભાઈ ધાધલ, રાજવીરભાઈ માલા તથા ત્રણ અજાણ્યા શખસો સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ અનુસાર, ફરિયાદી તથા અન્ય સાક્ષીઓ ભાવનગર-રાજકોટ હાઈવે પર રવિરાજ પેટ્રોલ પંપની બાજુમાં તેમના મિત્ર મહેબૂબભાઈ રફીકભાઈ અગવાનની જગ્યાએ હાજર હતા.

તે સમયે આરોપીઓ એકસંપ થઈ પોતાના સમાન ઈરાદાને પાર પાડવા લોખંડના પાઈપ અને લાકડી જેવા પ્રાણઘાતક હથિયારો સાથે ધસી આવ્યા હતા. આરોપીઓએ "અહીં શું કામ ભેગા થયા છો?" કહી ગાળો આપીને લોખંડના પાઈપ તથા લાકડીથી માર માર્યો હતો. તેમજ માથાના વાળ પકડીને પછાડી દઈ એક આરોપીએ ખભાના ભાગે હથિયારનો ઘા ઝીંક્યો હતો. દીપકભાઈ છોડાવવા વચ્ચે પડતાં તેમને પણ બંને હાથે અને કમરના ભાગે લોખંડના પાઈપના ઘા માર્યા હતા. આરોપીઓએ પોતાની પાસે રહેલું હથિયાર બતાવી જાનથી મારી નાખવાની તથા ગાડી માથે ચડાવી દેવાની ધમકી આપી હતી. ઘટના અંગે અમરેલી એસસી/એટી સેલના નાયબ પોલીસ અધીક્ષક પી. આર. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીના વાંકિયા ગામે નજીવી વાતમાં બબાલ થઈ

અમરેલી, તા. ૨૧

અમરેલીના વાંકિયા ગામે નજીવી વાતમાં બબાલ થઈ હતી. નિલેશભાઈ મનસુખભાઈ કુકવાવા (ઉ.વ.૩૬)એ સાગરભાઈ બાબુભાઈ દાતેવાડીયા, શારદાબેન બાબુભાઈ દાતેવાડીયા, રેણુકાબેન મયુરભાઈ દાતેવાડીયા તથા વિલકુબેન શ્યામભાઈ જુવાદરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ રાત્રીના સમયે ધાવડી માતાજીના મંદિરવાળા ખાચામાં ખુલ્લી જગ્યા પાસે તેઓ ઊભા હતા. તે દરમિયાન આરોપી સાગરભાઈ બાબુભાઈ દાતેવાડીયા ફોનમાં ગાળો બોલતા હતા. જેથી તેમણે સાગરભાઈને ગાળો બોલવાની ના પાડતાં એકદમ ઉશ્કેરાઈને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. આ સાંભળી સાહેદ કાજલબેન ત્યાં આવી ગયાં હતાં. તેમને પણ સાગરભાઈના માતા શારદાબેન તથા રેણુકાબેન મયુરભાઈ દાતેવાડીયા તથા વિલકુબેન શ્યામભાઈ જુવાદરીયા એમ ત્રણેયએ ભેગા મળીને આડેધડ મૂંઢ માર માર્યો હતો. તેમજ ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર..
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન




વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ
"અવધ બેસન" તો રાહ શેની જુઓ છો...? આજે જ ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને સ્વાદની મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકીંગમાં ઉપલબ્ધ
દરેક રીટેઈલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં. ૮૨-૧, જી.આઈ.ડી.સી. અમરેલી.
સંપર્ક: મો. ૯૮૯૮૨ ૮૭૦૮૩, ૯૮૨૪૨ ૩૦૫૧૫





અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.



સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર




ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૧



જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને તથા સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા પેન્ડિંગ પ્રશ્નો તેમજ વિવિધ વિભાગોને લગતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરે સંબંધિત અધિકારીઓને નાગરિકોના પ્રશ્નોનું હકારાત્મક અને સમયસર નિરાકરણ લાવવા જરૂરી સૂચનાઓ આપી હતી.તાજેતરમાં યોજાયેલી રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય દિવસની સફળ ઉજવણી બદલ જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમજ રાસાયણિક ખાતર સહિતના જરૂરી પુરવઠાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિ, પોલીસ અધિક્ષક સંજય ખરાત સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગરમાં અનેક પ્રકારના જોખમને કારણે ખુલ્લી ગટરને ઢાંકવાની માગણી

દામનગર,તા.૨૧



દામનગર શહેરમાં ખુલ્લી ગટરોને કારણે સ્થાનિકોમાં અકસ્માત અને આરોગ્યને લઈને ચિંતા જોવા મળી રહી છે.

શહેરના છભાડિયા રોડ પર આવેલી પ્રાથમિક શાળા નં. ૧ અને ૨ નજીક શાકભાજીના થડા પાસે આશરે ૨૦ દિવસ પહેલા બ્લોક ફિટ કરવામાં આવ્યા હતા. જોકે, ગંદા પાણીના નિકાલ માટેની ગટર હજુ પણ ખુલ્લી હોવાથી વિદ્યાર્થીઓ અને રાહદારીઓ માટે જોખમ ઊભું થયું છે. ખુલ્લી ગટરમાં કોઈ વ્યક્તિ કે પશુ અકસ્માતે પડી જવાની શક્યતા હોવાથી સ્થાનિકોમાં ભય ફેલાયો છે. ગટરમાંથી નીકળતી ગંદકીના કારણે દુર્ગંધ તેમજ મચ્છરોનો ઉપદ્રવ વધવાની શક્યતા પણ છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને નગરપાલિકાના મુખ્ય અધિકારી અને પ્રમુખ ખુલ્લી ગટરને તાત્કાલિક ઢાંકવા માટે જરૂરી કાર્યવાહી કરે તેવી સ્થાનિકોએ માંગ કરી છે.

# બગસરાની પરિણીતાને અમદાવાદી પતિએ પિયરથી રૂપિયા લઈ આવવા દબાણ કર્યું

**ઢીકાપાટુ મારીને ઘરેથી કાઢી મૂકી**

બગસરા, તા.૨૧

બગસરાની પરિણીતાને અમદાવાદી પતિએ પિયરથી રૂપિયા લઈ આવવા દબાણ કરી, ઢીકાપાટુ મારીને ઘરેથી કાઢી મૂકી હતી. આ અંગે ગીતાબેન મકવાણા (ઉ.વ.૪૦) એ હાલ બગસરા રહેતા અને મૂળ અમદાવાદના પતિ જેઠાભાઈ જગાભાઈ મકવાણા (ઉ.વ.૪૦) સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ, પતિએ અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપી ઢીકાપાટુનો મૂંઢ માર માર્યો હતો. ઉપરાંત, પિયરેથી રૂપિયા લઈ આવવા દબાણ કર્યું હતું. તેઓ રૂપિયા ન લાવતાં, તેમને માર મારીને ઘરેથી કાઢી મૂક્યા હતા. આ અંગે બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.જે. બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે.

# 'હવે મારે તું નથી જોઈતી, બીજા લગ્ન કરી લેવા છે' કહી પતિ, પત્નીને તેડવા ન આવ્યો

**તાલાલાના હડમતિયા ગીર ખાતે રહેતા પતિ, સાસુ સામે ફરિયાદ**

બગસરા, તા.૨૧

બગસરામાં રહેતી પરિણીતાએ તાલાલાના હડમતિયા ગીર ખાતે રહેતા પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરજાનાબેન આસીફભાઈ ઠાકરીયા (ઉ.વ.૩૬)એ હડમતિયા ગીરના આસીફભાઈ તૈયબભાઈ ઠાકરીયા તથા બીલ્કીશબેન તૈયબભાઈ ઠાકરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને તેના પતિ આસીફભાઈ તૈયબભાઈ ઠાકરીયા તથા સાસુ બીલ્કીશબેન તૈયબભાઈ ઠાકરીયાએ અવારનવાર ઘરકામ કરવા બાબતે તેમજ કરિયાવર બાબતે શારીરિક-માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. તેઓ પ્રેગ્નેન્ટ થતાં પિયર આવ્યા હતા અને બીમાર થઈને હોસ્પિટલમાં સારવારમાં દાખલ કર્યા હતા. બાળક મૃત્યુ પામ્યું હતું અને ત્યારબાદ વધુ બીમાર થતાં આરોપીઓ કોઈ સારવારમાં લઈ ગયા નહોતા. જેથી તેમણે તેમના ભાઈને બોલાવી રાજકોટ સારવારમાં લઈ ગયા હતા. જ્યાં રિપોર્ટમાં કિડની ફેઈલ થઈ જતાં માતા રસીદાબેને એક કિડની ડોનેટ કરતાં તેમનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું હતું. ત્યાંથી તેમને રજા મળતાં પતિએ તેમને સાથે લઈ જવાની ના પાડી હતી. જેથી તેઓ તેમના માવતરે બગસરા આવ્યા હતા. પતિએ તેમને ફોન કરી કહ્યું કે, "હવે મારે તું નથી જોઈતી અને મારે બીજા લગ્ન કરી લેવા છે," તેમ કહી આજદિન સુધી તેમને તેડવા આવ્યો નહોતો. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી. ડી. કલસરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા-સાવરકુંડલા રોડ નેરામાં પત્તા ટીચતાં ૯ ઈસમો ઝડપાયા

ચલાલા, તા. ૨૧

ચલાલા-સાવરકુંડલા રોડ પર આવેલા નેરામાં પત્તા ટીચતાં ૯ ઈસમો રૂ. ૪૨,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. યુવરાજસિંહ મહેન્દ્રસિંહ ઝાલા, કેતનભાઈ મનસુખભાઈ મકવાણા, રાજુભાઈ ધીરુભાઈ કણસાગરા, રાહુલભાઈ મનુભાઈ ચૌહાણ, મહેશભાઈ ખોડાભાઈ નગવાડીયા, મહેશભાઈ બાલુભાઈ જેઠવા, ફીરોજભાઈ નજરમહંમદ બ્લોચ અને રાકેશ ગેલાભાઈ ઝખવાડીયા સહિત કુલ ૯ લોકો નેરામાં જાહેરમાં ટોર્ચ લાઈટના અજવાળે પૈસા તથા ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા રૂ. ૪૨,૨૦૦ તથા ટોર્ચ લાઈટ મળી કુલ રૂ. ૪૨,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવીભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરપુર (વરૂડી) ખાતે સાપ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૧



અમરપુર (વરૂડી) વડી ડેમ સાઈડ, પ્લોટ વિસ્તારમાં ૧૮ ઓગસ્ટના રોજ વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ દ્વારા સાપ અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લોકોને સાપ અંગેની સામાન્ય માહિતી અંતર્ગત ઝેરી-બિનઝેરી સાપની ઓળખ, સાપના ખોરાક, રહેઠાણ અને માનવ વસાહતમાં સાપના આવવાના કારણો, સર્પ દંશ ન થાય તે માટે રાખવાની કાળજી, સાપ અંગેની ગેરમાન્યતાઓ તેમજ સર્પ દંશ વખતે ઈમર્જન્સી સારવાર મેળવવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ બાળકો, બહેનો અને યુવાનો હાજર રહ્યા હતા. પ્રોગ્રામના દાતા જીગ્નેશભાઈ (રાધે ક્રિષ્ના હોટેલ)ની સેવા ભાવનાને બિરદાવવામાં આવી હતી.

# અમરેલીમાં બાઈક સાથે અકસ્માતમાં પુરુષનું મોત

અમરેલી, તા.૨૧

અમરેલીમાં અકસ્માતમાં એક પુરુષે જીવ ગુમાવ્યો હતો. આ અંગે રિંકલબેન મુકેશભાઈ ગોંડલીયા (ઉ.વ.૪૦)એ અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પિતાજી ચાલીને શિવાજી ચોકથી અક્ષરધામ સોસાયટી તરફ આવી રહ્યા હતા. તે સમયે કોઈ અજાણ્યા મોટરસાયકલ ચાલકે તેમને જોરદાર ટક્કર મારતાં માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેમનું મોત નિપજ્યું હતું. આ ઘટના અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. બી. ભટ્ટ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જીરાની રક્ષા શક્તિ સ્કૂલમાં ૬૦મું અબ્દુલ કલામ યંગ સાયન્સ સેન્ટર ખુલ્લું મુકાયું

અમરેલી, તા.૨૧



ઈન્ડિયન રમણ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશન અને સંસ્કાર ધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત રક્ષા શક્તિ સ્કૂલ, જીરા ખાતે ૬૦મું અબ્દુલ કલામ યંગ સાયન્સ સેન્ટર ખુલ્લું મુકવામાં આવ્યું હતું. ગાયત્રી સંસ્કાર ધામ, ચલાલાના વડા પ.પૂ. સંત ડૉ. રતિદાદાની પ્રેરક ઉપસ્થિતિમાં સેન્ટરનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઈસરોના સાઈન્ટિસ્ટ ડૉ. જયંત જોશી, રમણ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડૉ. ચંદ્રમૌલી જોશી, ભારતભૂષણ મહેશભાઈ મહેતા તથા શીતલબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સેન્ટરનો હેતુ વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણ સુધી સીમિત ન રાખી પ્રયોગ, અવલોકન અને સંશોધન દ્વારા વિજ્ઞાન સમજાવવાનો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ દશમ
તા.૨૨-૦૮-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૫૩,
સૂર્યાસ્ત-૦૬:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ જ્યેષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૨૨-૦૮-૨૦૨૬ શનિવાર

મેષઃ પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે.

વૃષભઃ આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે.

મિથુનઃ લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે.

કર્કઃ આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે.

સિંહઃ આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે.

કન્યાઃ તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે

તુલાઃ વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે.

વૃશ્ચિકઃ આજે ભાઇઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. સ્વાસ્થ્યમાં થોડી નરમાઈ રહેશે.

ધનઃ તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો.

મકરઃ આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે.

કુંભઃ આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે.

મીનઃ આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઇક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે,

# ગોઢાવદર ગામે સંત શિરોમણી ગુરુ રવિદાસજી મહારાજની પાવન કળશ યાત્રાનું ભવ્ય ઢોલ-નગારા સાથે સ્વાગત

લીલીયા,તા.૨૧



લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે સંત શિરોમણી ગુરુ રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મ જયંતિ મહોત્સવ અંતર્ગત આયોજિત પાવન કળશ યાત્રાનું ગ્રામજનો અને આગેવાનો દ્વારા ઢોલ-નગારાના નાદ સાથે ભાવુક અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સૌ ભક્તજનોએ પવિત્ર કળશનું શ્રધ્ધાપૂર્વક પૂજન-અર્ચન કરી દર્શનનો લહાવો લીધો હતો.આ ઉજવણીમાં જિલ્લા અનુસૂચિત જાતિ મોર્ચાના પ્રમુખ મુકેશભાઈ, મહામંત્રી શાંતિભાઈ, તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી, ભીખાભાઈ ધોરાજીયા સહિતના વિવિધ રાજકીય-સામાજિક આગેવાનો અને ગોઢાવદરના ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સંત રવિદાસજી મહારાજના સમરસતા, પ્રેમ અને એકતાના સંદેશને સમાજના જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે આયોજિત આ ધાર્મિક મહોત્સવમાં ભક્તજનો અને કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લઈને ધન્યતા અનુભવી હતી.

# સાવરકુંડલામાંથી બીયરના ટીન, દારૂની બોટલ સાથે યુવક પકડાયો

**જિલ્લામાં ડઝન લોકો કેફી પીણુ પી વાહન ચલાવતા મળી આવ્યા**

અમરેલી, તા.૨૧

સાવરકુંડલામાંથી બીયરના ૪ ટીન, દારૂની ૧ બોટલ સાથે યુવક પકડાયો હતો. પોલીસે ૪૪૦ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૫૭ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ચિતલ, મોણપુર રોડ, પ્લોટ વિસ્તારમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. જ્યારે જિલ્લાભરમાંથી એક ડઝન લોકો કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતા મળી આવ્યા હતા.

# છેતરપીંડી આચરનાર ભાવનગરના ખેડૂત સામે સાવરકુંડલામાં ફરિયાદ નોંધાઈ

સાવરકુંડલા, તા.૨૧

ભેંસ ખરીદીને પૈસા ન ચૂકવવા બદલ ભાવનગરના ખેડૂત સામે સાવરકુંડલામાં ફરિયાદ નોંધાઈ હતી. વસીમભાઈ યુનુસભાઈ મલેક (ઉ.વ.૪૬)એ ભાવનગરના ભરતભાઈ બોઘાભાઈ ડાભલીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે અગાઉ આરોપી સાથે બે વખત ઉધારમા ભેંસ વેચાતી આપી હતી અને સમયસર પૈસા આપી દીધા હતા. જેથી તેમને આરોપી પ્રત્યે વિશ્વાસ બંધાતા તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ તેમના તબેલેથી ભેંસ નંગ-૦૧ કિ.રૂા.૧,૪૦,૦૦૦ ની આરોપીને ઉધારમા ભેંસ વેચાતી આપી હતી. તેમના બાકી નીકળતા રૂા.૧,૪૦,૦૦૦ આરોપીએ આજદિન સુધી નહીં આપી તેમની સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જયસુખભાઈ લખમણભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભા તાલુકાના જીવાપર ગામે સામ-સામી ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી

ખાંભા, તા.૨૧

ખાંભાના જીવાપર ગામે "આજે તો તારી છેલ્લી રાત છે" તેવું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી .મહેશભાઈ શામજીભાઈ હિરપરા (ઉ.વ.૪૭)એ વિજયભાઈ માધાભાઈ સરવૈયા, સંજયભાઈ માધાભાઈ સરવૈયા તથા મુક્તાબેન વિજયભાઈ સરવૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે વિજયભાઈ સરવૈયા અને સંજયભાઈ સરવૈયા વિરુધ્ધ આઠેક માસ પૂર્વે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

જેનો ખાર રાખી ગાળો આપી "આજે તો તારી છેલ્લી રાત છે" તેવું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત, તેમને જાનથી મારી નાખવાનું કાવતરું રચી આરોપીઓએ ધારીયું, લોખંડની પાઈપ તથા કોદાળી જેવા જીવલેણ હથિયારો ધારણ કરી તેમની મોટરસાઈકલ આડે ઊભા રહી ગયા હતા. તેમણે જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે ઘા કરી જીવલેણ હુમલો કર્યો હતો, તેમજ શરીરે આડેધડ ઢીકાપાટુનો મૂઢ માર મારીને ફેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.સામે પક્ષે પ્રવીણભાઈ ખીમજીભાઈ સરવૈયા (ઉ.વ.૪૬)એ ભરતભાઈ ભીખુભાઈ ખુમાણ તથા દિલુભાઈ ભીખુભાઈ ખુમાણ સામે માર માર્યાની ફરિયાદ નોંધાવી છે.

# મીતીયાળા ગામના યુવકનું મોત

જાફરાબાદ, તા.૨૧

જાફરાબાદના મીતીયાળા ગામે રહેતા દિનેશભાઈ સોમાતભાઈ જાદવ (ઉ.વ૨૫)એ જાહેર કર્યા મુજબ અરવિંદભાઈ સોમાતભાઈ જાદવ (ઉ.વ૩૭)ને દારૂ પીવાનુ વ્યસન હતું. તેઓને સવારમાં ઉબકા ઉલટી થવા લાગતાં મોત થયું હતું.

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર જી ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# તહેવારોના સમયે જ ખાંડ કડવી

શ્રાવણ મહિનાના તહેવારો ચાલી રહ્યા છે ત્યારે ખાંડના ભાવમાં થયેલો વધારો સામાન્ય ગ્રાહક માટે ચિંતાનો વિષય બન્યો છે. દેશમાં પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવાની નીતિ ઊર્જા સુરક્ષા, આયાતી ક્રૂડ પરની નિર્ભરતા ઘટાડવા અને શેરડીના ખેડૂતોને વૈકલ્પિક બજાર આપવા માટે આગળ ધપાવવામાં આવી રહી છે. જોકે, કોઈપણ નીતિનો સાચો લાભ ત્યારે જ ગણાય જ્યારે તેનો બોજ સામાન્ય ગ્રાહકના રસોડા સુધી ન પહોંચે. હાલમાં ખાંડના વધતા ભાવે ખાંડ અને ઈથેનોલ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવાની જરૂરિયાત ફરી એકવાર ઊભી કરી છે. અહેવાલો મુજબ છેલ્લા ત્રણ મહિનામાં ખાંડના ભાવમાં આશરે ૪૦ ટકાનો વધારો થયો છે અને પ્રતિ કિલો આશરે રૂ.૧૯ સુધીનો ઉછાળો નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન ગોળના ભાવમાં પણ લગભગ ૨૪ ટકા અને ચણાના ભાવમાં ૧૬ ટકા સુધીનો વધારો થયો હોવાનું જણાવાયું છે. મકાઈના લોટના ભાવમાં પણ આશરે ૧૧ ટકાનો વધારો નોંધાયો છે. ખાદ્ય બજારમાં મોંઘવારીનું દબાણ માત્ર એક જ વસ્તુ પૂરતું મર્યાદિત નથી, પરંતુ ખાંડનો વધારો વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે તેનો ઉપયોગ ઘરગથ્થુ વપરાશ ઉપરાંત મીઠાઈ, બેકરી, પીણાં અને વિવિધ ખાદ્ય ઉદ્યોગોમાં મોટા પ્રમાણમાં થાય છે. ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. શેરડી ઉપરાંત મકાઈ, તૂટેલા ચોખા અને અન્ય અનાજમાંથી પણ ઈથેનોલ બનાવવામાં આવે છે. શેરડીમાંથી ખાંડ ઉપરાંત ઈથેનોલનું ઉત્પાદન શક્ય બનતાં ખાંડ ઉદ્યોગ માટે આવકના નવા માર્ગો ખુલ્યા છે. ખેડૂતો માટે પણ શેરડીની ખરીદી અને ચુકવણીની દૃષ્ટિએ આ વ્યવસ્થા લાભદાયક બની શકે છે. પરંતુ અહીં એક મહત્વનું સંતુલન જરૂરી છે. શેરડીનો મોટો હિસ્સો ખાંડને બદલે ઈથેનોલના ઉત્પાદનમાં વપરાય તો બજારમાં ખાંડનો ઉપલબ્ધ જથ્થો ઘટી શકે છે. માંગ સ્થિર રહે અને પુરવઠો ઘટે તો ભાવ વધવાની શક્યતા રહે છે. અહેવાલ મુજબ ૨૦૨૫-૨૬માં આશરે ૨૫ લાખ ટન ખાંડ બની શકે તેટલી શેરડી અને શિરાનો ઉપયોગ ઈથેનોલ બનાવવા માટે થયો હતો. દેશમાં ખાંડનું ઉત્પાદન નોંધપાત્ર હોવા છતાં માત્ર ઉત્પાદનના આંકડા પૂરતા નથી. બજારમાં ઉપલબ્ધ સ્ટોક, સ્થાનિક વપરાશ, નિકાસ અને ઈથેનોલ માટે થતો શેરડીનો ઉપયોગ જેવા પરિબળો પણ ભાવને અસર કરે છે. મિલોના ઓપનિંગ સ્ટોકમાં ઘટાડો થયો હોય તો બજારમાં પુરવઠા અંગે દબાણ વધવાની શક્યતા રહે છે. સરકાર માટે હવે સૌથી મોટો પડકાર ઊર્જા સુરક્ષા અને ખાદ્ય સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવાનો છે. ઈથેનોલ મિશ્રણથી પેટ્રોલિયમની આયાત ઘટાડી શકાય, વિદેશી હૂંડિયામણની બચત થઈ શકે અને પર્યાવરણને પણ લાભ મળી શકે છે. પરંતુ બીજી તરફ ખાંડ જેવી આવશ્યક ખાદ્ય ચીજની ઉપલબ્ધતા અને વાજબી કિંમત જાળવવી પણ એટલી જ જરૂરી છે. ખાંડના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહે તો તેની સીધી અસર મીઠાઈ, બિસ્કિટ, બેકરી, આઈસ્ક્રીમ અને ઠંડાં પીણાં સહિતના ઉદ્યોગો પર પડશે અને અંતે તેનો બોજ ગ્રાહક પર જ આવશે. તેથી સરકાર અને ખાંડ ઉદ્યોગે ઉત્પાદન, સ્ટોક, સ્થાનિક માંગ અને ઈથેનોલ માટેના ઉપયોગ પર સતત નજર રાખવી જરૂરી છે. ઈથેનોલ ભારતની ઊર્જા નીતિ માટે મહત્વપૂર્ણ છે અને તેનો વિરોધ કરવો યોગ્ય નથી. મૂળ પ્રશ્ન ઈથેનોલનો નહીં, પરંતુ ખાંડ અને ઈથેનોલ વચ્ચે યોગ્ય પ્રમાણ જાળવવાનો છે. ખેડૂતોને યોગ્ય ભાવ, ખાંડ ઉદ્યોગને સ્થિરતા, દેશને વૈકલ્પિક ઈંધણ અને ગ્રાહકને વાજબી ભાવે ખાંડ આ ચારેય હિતો એકસાથે જળવાય ત્યારે જ નીતિ સફળ ગણાય.

# ભગવાન સદા શિવનું ઉગ્ર સ્વરૂપ કાળભૈરવ




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભગવાન શિવના અનંત સ્વરૂપોમાં બટુક ભૈરવનું સ્વરૂપ અત્યંત મંગલકારી, સૌમ્ય અને કરુણામય માનવામાં આવે છે. બટુક ભૈરવ એ ભૈરવનું બાળ સ્વરૂપ છે. જ્યાં કાળભૈરવનું સ્વરૂપ ઉગ્ર અને પ્રચંડ માનવામાં આવે છે, ત્યાં બટુક ભૈરવ નિર્દોષ, સૌમ્ય અને રક્ષક સ્વરૂપે પૂજાય છે. 'બટુક' એટલે બાળક. આ સ્વરૂપમાં તેઓ હાથમાં ત્રિશૂળ, ડમરુ, ખપ્પર અને અભયમુદ્રા ધારણ કરેલા દર્શાવવામાં આવે છે, જ્યારે શ્વાન તેમનું વાહન માનવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર બટુક ભૈરવ સંકટમોચન તથા રક્ષક દેવતા છે. તેમની ભક્તિથી ભય, નકારાત્મકતા અને વિવિધ પ્રકારની બાધાઓથી રક્ષણ મળે છે એવી શ્રદ્ધા છે. ગૃહસ્થ જીવન જીવતા લોકો માટે બટુક ભૈરવની ઉપાસના સરળ અને મંગલકારી માનવામાં આવે છે. ભક્તિ પરંપરામાં એવી માન્યતા છે કે શુધ્ધ ભાવથી કરેલી તેમની આરાધનાથી તેઓ પ્રસન્ન થાય છે. ખાસ કરીને બાળકોની રક્ષા માટે પણ બટુક ભૈરવની ઉપાસના કરવામાં આવે છે. બટુક ભૈરવ પછી ભગવાન શિવનું બીજું પ્રભાવશાળી સ્વરૂપ કાળભૈરવનું છે. કાળભૈરવને સમયના સ્વામી અને કાશીના કોટવાલ તરીકે ઓળખવામાં આવે છે. તેમનું ઉગ્ર સ્વરૂપ અહંકાર, અધર્મ અને પાપનો નાશ કરનાર માનવામાં આવે છે. શિવનું દરેક સ્વરૂપ જીવનના કોઈને કોઈ વિશિષ્ટ તત્વનો સંદેશ આપે છે. જ્યારે ભગવાન શિવ નટરાજ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તેઓ નૃત્યના દેવતા બને છે. તેમના આનંદ તાંડવમાં સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો સંદેશ સમાયેલો છે. તેમના હાથમાં રહેલું ડમરુ નાદ અને સર્જનનું પ્રતીક છે, જ્યારે અગ્નિ સંહાર અને પરિવર્તનનું પ્રતીક માનવામાં આવે છે. ભગવાન શિવનું અર્ધનારીશ્વર સ્વરૂપ સ્ત્રી અને પુરુષની એકતા, પરસ્પર પૂરકતા અને સમાનતાનો અદ્ભુત સંદેશ આપે છે. આ સ્વરૂપમાં અડધું શરીર શિવનું અને અડધું માતા પાર્વતીનું દર્શાવવામાં આવે છે. દક્ષિણામૂર્તિ સ્વરૂપે ભગવાન શિવ ગુરુઓના પણ ગુરુ બને છે. શાંત અને ધ્યાનસ્થ મુદ્રામાં તેઓ જ્ઞાન, યોગ અને આધ્યાત્મિક માર્ગનું દર્શન કરાવે છે. તમામ જીવોના રક્ષક તરીકે ભગવાન શિવને પશુપતિનાથ કહેવામાં આવે છે. અહીં 'પશુ'નો અર્થ જીવ અને 'પતિ'નો અર્થ સ્વામી થાય છે. સમુદ્રમંથન દરમિયાન નીકળેલું હળાહળ વિષ પીને સમગ્ર સૃષ્ટિનું રક્ષણ કરનાર શિવ નીલકંઠ તરીકે પ્રસિધ્ધ થયા. જ્યારે તેઓ દુષ્ટ શક્તિઓના સંહાર માટે ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તેમને રુદ્ર કહેવામાં આવે છે. આમ, એક જ શિવતત્વ ક્યારેક બાળક જેવું નિર્દોષ અને સૌમ્ય તો ક્યારેક પ્રચંડ સંહારક સ્વરૂપે જોવા મળે છે. ક્યારેક તેઓ નટરાજ બનીને નૃત્ય કરે છે, તો ક્યારેક દક્ષિણામૂર્તિ બનીને જ્ઞાનનું દાન કરે છે. શિવના વિવિધ સ્વરૂપો જીવનની સંપૂર્ણતા, સર્જન, પાલન, સંહાર, જ્ઞાન અને કરુણાનો સંદેશ આપે છે. કાળભૈરવની ઉત્પત્તિની કથા ધાર્મિક પરંપરામાં અત્યંત રોચક માનવામાં આવે છે. એક સમયે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વચ્ચે શ્રેષ્ઠતાને લઈને ચર્ચા થઈ હતી. આ ચર્ચા દરમિયાન બ્રહ્માજીએ અહંકારવશ પોતાને સર્વશ્રેષ્ઠ ગણાવ્યા. તેમના અહંકારપૂર્ણ વચનોથી ભગવાન શિવ ક્રોધિત થયા. શિવના ક્રોધમાંથી એક પ્રચંડ અને ભયાનક સ્વરૂપ પ્રગટ થયું. કાળા વર્ણના, ત્રણ નેત્રોવાળા, સર્પોની માળા ધારણ કરેલા આ સ્વરૂપના હાથમાં ત્રિશૂળ, ડમરુ અને કપાલ જેવા આયુધો હોવાનું વર્ણન મળે છે. ભગવાન શિવે તેમને બ્રહ્માના અહંકારનું પ્રતીક બનેલા પાંચમા મસ્તકનો છેદ કરવાની આજ્ઞા આપી. શિવની આજ્ઞાનું પાલન કરીને કાળભૈરવે બ્રહ્માજીના પાંચમા મસ્તકનો છેદ કર્યો. ત્યારબાદ બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત થવા માટે કાળભૈરવે કાશીમાં તપ કર્યું એવી ધાર્મિક માન્યતા છે. ત્યારથી કાળભૈરવ કાશીના કોટવાલ તરીકે સ્થાપિત થયા હોવાનું માનવામાં આવે છે. કાશી સાથે કાળભૈરવનું વિશેષ ધાર્મિક જોડાણ છે અને ભક્તો તેમને ન્યાય તથા રક્ષણના દેવતા તરીકે પણ પૂજે છે. કાળભૈરવ જયંતિ માર્ગશીર્ષ માસના કૃષ્ણ પક્ષની અષ્ટમીના દિવસે ઉજવવામાં આવે છે. આ તિથિને કાલાષ્ટમી તરીકે પણ ઓળખવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર આ દિવસે ભગવાન શિવે કાળભૈરવ સ્વરૂપે અવતાર ધારણ કર્યો હતો. કાળભૈરવ જયંતિના દિવસે ઉપવાસ, રાત્રિજાગરણ, ધ્યાન અને વિશેષ પૂજાનું મહત્વ માનવામાં આવે છે. ભક્તો આ દિવસે કાળભૈરવની આરાધના કરીને જીવનમાંથી ભય અને નકારાત્મકતા દૂર કરવાની પ્રાર્થના કરે છે. કાળભૈરવને સમયના સ્વામી માનવામાં આવતા હોવાથી તેમની ભક્તિ વ્યક્તિને સમયનું મહત્વ સમજવાની અને તેનો સદુપયોગ કરવાની પ્રેરણા આપે છે. કાળભૈરવની ભક્તિ અંગે ધાર્મિક પરંપરામાં વિશાળ અને ઉદાર દૃષ્ટિકોણ જોવા મળે છે. શુદ્ધ મન અને શ્રધ્ધાથી કોઈપણ વ્યક્તિ તેમની આરાધના કરી શકે છે. વેપારી, વિદ્યાર્થી, ગૃહસ્થ કે સાધક—દરેક વ્યક્તિ પોતાની શ્રધ્ધા અને પરંપરા અનુસાર કાળભૈરવની ઉપાસના કરી શકે છે. જે લોકો જીવનમાં સતત ભય અનુભવે છે, શત્રુઓથી પરેશાન છે અથવા મુશ્કેલ પરિસ્થિતિઓમાં આત્મવિશ્વાસ ગુમાવી બેઠા છે, તેમના માટે કાળભૈરવની ભક્તિ આધ્યાત્મિક રીતે આશ્વાસન અને હિંમત આપનારી બની શકે છે. કોર્ટ-કચેરીના પ્રશ્નો, નકારાત્મક શક્તિઓ અથવા અન્ય મુશ્કેલીઓ અંગે પણ ભક્તો કાળભૈરવની શરણ લે છે. જ્યોતિષીય માન્યતાઓમાં શનિ, રાહુ અને કેતુ સાથે જોડાયેલી પીડાઓમાંથી રાહત માટે પણ કાળભૈરવની ઉપાસનાનું મહત્વ જણાવવામાં આવે છે. જોકે આવા દાવાઓ ધાર્મિક અને જ્યોતિષીય માન્યતાઓ પર આધારિત છે. ભક્તિ પરંપરા અનુસાર કાળભૈરવની આરાધનાથી ભય ઓછો થાય છે, આત્મવિશ્વાસ વધે છે અને મનને સ્થિરતા મળે છે. ભક્તો માને છે કે તેમની ઉપાસના શત્રુબાધા અને નકારાત્મકતાથી રક્ષણ આપે છે. કાળભૈરવ સમયના સ્વામી હોવાથી તેમની ભક્તિ વ્યક્તિને સમયનું મૂલ્ય સમજવા અને જીવનને શિસ્તબધ્ધ રીતે જીવવાની પ્રેરણા આપે છે. સૌથી મહત્વની વાત એ છે કે કાળભૈરવને માત્ર ભય અને સંહારના દેવતા તરીકે જોવાને બદલે ભયમાંથી મુક્તિ આપનાર દેવતા તરીકે પણ સમજવામાં આવે છે. તેમનું ઉગ્ર સ્વરૂપ અધર્મ અને અહંકાર સામેની શક્તિનું પ્રતીક છે. ઘણા લોકોના મનમાં પ્રશ્ન થાય છે કે બટુક ભૈરવ કોણ છે. બટુક ભૈરવને કાળભૈરવનું બાળ સ્વરૂપ માનવામાં આવે છે. કાળભૈરવનું સ્વરૂપ ઉગ્ર અને પ્રચંડ છે, જ્યારે બટુક ભૈરવનું સ્વરૂપ સૌમ્ય, મનોરમ અને કરુણામય માનવામાં આવે છે. બટુક ભૈરવને આપદ્‌ઉદ્ધારક પણ કહેવામાં આવે છે. ભક્તિ પરંપરામાં એવી માન્યતા છે કે તેઓ પોતાના ભક્તોને સંકટમાંથી બહાર કાઢે છે. જે સાધકો ઉગ્ર ભૈરવ ઉપાસના કરવા ઈચ્છતા ન હોય તેઓ સૌમ્ય બટુક ભૈરવની ભક્તિથી શરૂઆત કરી શકે છે એવી માન્યતા કેટલાક તાંત્રિક ગ્રંથો અને પરંપરાઓમાં જોવા મળે છે. આ રીતે જોવામાં આવે તો બટુક ભૈરવ કાળભૈરવના સ્વરૂપમાં રહેલી કોમળતા અને રક્ષણભાવનું પ્રતિનિધિત્વ કરે છે. એક તરફ કાળભૈરવ અહંકાર અને અધર્મ સામેની પ્રચંડ શક્તિ છે, તો બીજી તરફ બટુક ભૈરવ ભક્તિ, કરુણા અને રક્ષણનું સૌમ્ય સ્વરૂપ છે. અંતે કહી શકાય કે ભગવાન શિવના વિવિધ સ્વરૂપો આપણને જીવનના અલગ-અલગ પાસાં સમજાવે છે. બટુક ભૈરવ નિર્દોષતા અને રક્ષણનો સંદેશ આપે છે, કાળભૈરવ સમય અને નિર્ભયતાનું મહત્વ સમજાવે છે, નટરાજ સર્જન અને લયનું રહસ્ય દર્શાવે છે, દક્ષિણામૂર્તિ જ્ઞાનનો માર્ગ બતાવે છે અને નીલકંઠ ત્યાગ તથા પરોપકારની પ્રેરણા આપે છે.

**ભગવાન શિવના ભયાનક સ્વરૂપ કાળભૈરવથી સર્વ કોઈ ડરે છે આથી તેનું સોમ્ય સ્વરૂપ બટુક ભૈરવનું છે. એક માન્યતા એવી છે કે ભૈરવની ઉપાસના માત્ર તાંત્રિક અને યોગીઓ જ કરી શકે પરંતુ આ વસ્તુ સત્ય નથી કોઈ પણ માનવી તેની ભક્તિ કરી શકે છે. જીવનમાં કોઈપણ મુશ્કેલી હોય તો તે દૂર કરવા માટે આ ઉપાસના અત્યંત ફળદાયી છે.**

## શબ્દ સંજોગ-૨૨૫૩




**આડી ચાવી :**
(૧) એક તો કારેલું ને,પાછું .... ચઢયું(૩)
(૩) સૌથી નાનો પાંડવ (૩)
(૬) શબ,મડદું (૨)
(૭) તાંબું (૨)
(૮) એક ફૂલ (૩)
(૧૦) કેળવાયા વિનાનું (૪)
(૧૩) લંબાઈ ભરવાનું ચોવીસ તસુનું માપ (૨)
(૧૪) સધ્ધર,પૈસાદાર (૫)
(૧૯) નજરનાખીને મેળવેલો અંદાજ (૬)
(૨૨) માતા,જનેતા (અંગ્રેજીમાં) (૩)
(૨૪) જવું-ચાલવું તે (૩)
(૨૭) પંજાબી ભોજનમાં ..... ની સબ્જી વધુ પસંદ પામે છે. (૩)
(૨૯) માર્ગ,પથ (૨)
(૩૦) વળે પણ ભાંગે-તૂટે નહીં એવું (૪)

**ઉભી ચાવી :**
(૧) અવતારે કરેલાં કામ (૨)
(૨) પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
(૩) વિનથી,સાલસ (૨)
(૪) મીઠું (૩)
(૫) એક પક્ષી (૩)
(૭) આજની જીંદગીમાં લોકો સખત માનસિક ...નો અનુભવ કરી રહ્યા છે. (૨)
(૯) એક નક્ષત્ર (૩)
(૧૦) રામચંદ્રજીના દાદાનું નામ (૨)
(૧૧) આતો ધરતીનો છેડો (૨)
(૧૨) માછલું (૨)
(૧૩) .... મટી એટલે વૈદ વેરી (૩)
(૧૫) ચાણકયનો જન્મ ... રાજયના પાટનગર પાટલી પુત્રમાં થયો હતો (૩)
(૧૬) એક રાશિ (૨)
(૧૭) સંખ્યાનું ચિહ્ન (અવળું) (૨)
(૧૮) વૃંદાવન (ગોકુળ પાસે) (૨)
(૨૦) નજર સામે રાખેલું (૨)
(૨૧) વીજળી (૩)
(૨૨) ઈર્ષા,અદેખાઈ (૩)
(૨૩) નાડી,શિરા (૨)
(૨૫) પહેલવાન,કુસ્તીબાજ (૨)
(૨૬) ન બોલવામાં આટલા ગુણ (૨)
(૨૭) રકાબીનો સાથીદાર (અવળો) (૨)
(૨૮) રોગના જંતુઓની બનાવેલી દવા (૨)

## શબ્દ સંજોગ-૨૨૫૨ જવાબ

**આડી ચાવી:** (૧) મેઘાસ્ત્ર (૩) લાભપાંચમ (૭) ગર (૮) લાડવો (૯) સહી (૧૦) ળણવગ (વળગણ) (૧૨) ભફત (૧૩) વાવ (૧૪) દંગ (૧૫) મંગળ (૧૭) સાગર (૧૮) દર (૧૯) દડમજલ (૨૧) કાબર (૨૨) માસા (૨૪) ભાવ (૨૫) કાજુ (૨૬) માલિક (૨૭) ક્ષાર (૨૮) શ્યેન. **ઉભી ચાવી:** (૧) મેગળ (૨) ધારણ (૩) લાડ (૪) ભવોભવ (૫) ચસ (૬) મહીસાગર (૮) લાગ (૧૧) વર્તુળ (૧૩) વાતડ (૧૪) દંગલ (૧૫) મંદ (૧૬) ગરકાવ (૧૭) સાજસામાન (૧૯) દરકાર (૨૦) મમા (૨૩) શંકર (૨૪) ભાનુ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૦૦ | ૨૦૧૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૧૧૩૦ | ૧૩૦૧ |
| જુવાર લાલ | ૧૦૮૦ | ૧૧૮૦ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૦૦ |
| બાજરી | ૩૬૪ | ૪૭૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૮૪ |
| ચણા પીળા | ૧૦૧૧ | ૧૨૪૨ |
| ચણા સફેદ | ૧૨૪૧ | ૧૮૧૧ |
| અડદ | ૧૪૫૦ | ૧૭૯૨ |
| મગ | ૧૧૫૦ | ૧૬૭૦ |
| વાલ દેશી | ૭૮૦ | ૧૩૦૦ |
| ચોળી | ૧૦૪૧ | ૧૭૬૦ |
| વટાણા | ૫૭૦ | ૧૦૩૦ |
| રાજમા | ૧૭૦૦ | ૨૩૧૮ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૫૦ |
| મગફળી જાડી | ૧૩૧૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૨૩૦ | ૧૫૦૦ |
| તલી | ૨૦૩૦ | ૨૪૨૫ |
| એરંડા | ૧૩૫૦ | ૧૪૩૬ |
| અજમો | ૧૪૭૧ | ૨૫૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૮૦ |
| સીંગફાડા | ૧૩૭૦ | ૧૭૯૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૪૦૦ |
| લસણ | ૧૦૯૦ | ૨૫૦૦ |
| ધાણા | ૨૭૪૦ | ૩૦૦૦ |
| ધાણી | ૨૮૪૦ | ૩૧૪૦ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૯૫૦ |
| જીરૂ | ૩૫૭૦ | ૩૮૭૫ |
| રાય | ૧૩૬૦ | ૧૮૪૫ |
| મેથી | ૮૬૦ | ૧૭૫૦ |
| કલોંજી | ૩૨૫૦ | ૩૫૫૦ |
| રાયડો | ૧૨૬૦ | ૧૫૦૯ |
| રજકાનું બી | ૭૬૦૦ | ૧૦૭૫૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૭૪ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૨૫ | ૯૩૧ |
| પપૈયા | ૨૦૧ | ૪૨૧ |
| બટેટા | ૭૮ | ૨૮૯ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૭૫૧ |
| ટમેટા | ૨૯૦ | ૫૦૨ |
| સુરણ | ૯૯૫ | ૧૧૭૬ |
| કોથમરી | ૨૦૧ | ૩૯૭ |
| મુળા | ૪૨૫ | ૬૩૧ |
| રીંગણા | ૪૧૩ | ૮૨૬ |
| કોબીજ | ૩૦૧ | ૪૧૬ |
| ફ્લાવર | ૬૧૧ | ૮૨૩ |
| ભીંડો | ૬૨૩ | ૭૯૭ |
| ગુવાર | ૧૧૯૦ | ૧૭૭૬ |
| ચોળાસીંગ | ૬૨૩ | ૧૦૧૨ |
| વાલોળ | ૭૯૫ | ૧૦૩૩ |
| ટીંડોળા | ૬૧૪ | ૧૧૮૨ |
| દુધી | ૨૮૯ | ૪૭૫ |
| કારેલા | ૩૨૧ | ૫૦૭ |
| સરગવો | ૭૭૫ | ૧૨૨૬ |
| તુરીયા | ૬૨૭ | ૧૦૩૧ |
| પરવર | ૭૧૧ | ૧૦૨૮ |
| કાકડી | ૩૧૨ | ૫૨૨ |
| ગાજર | ૩૨૯ | ૪૯૧ |
| વટાણા | ૧૬૨૭ | ૨૬૩૮ |
| કંટોળા | ૧૮૩૨ | ૨૧૨૧ |
| ગલકા | ૨૨૧ | ૩૯૨ |
| બીટ | ૩૨૨ | ૫૦૭ |
| મેથી | ૫૮૮ | ૭૯૧ |
| વાલ | ૧૧૩૯ | ૧૫૫૬ |
| ડુંગળી લીલી | ૬૦૫ | ૮૧૧ |
| આદુ | ૧૪૪૧ | ૨૭૭૬ |
| મરચા લીલા | ૪૧૭ | ૬૨૪ |
| મગફળી લીલી | ૪૧૩ | ૮૨૭ |
| મકાઇ લીલી | ૨૫૩ | ૪૪૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૬૧ | ૧૯૯૬ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૧૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સિંગદાણા જાડા | ૧૨૦૧ | ૨૦૩૧ |
| સિંગ ફાડીયા | ૧૧૩૧ | ૧૮૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૯૧ | ૧૪૨૧ |
| તલ લાલ | ૨૨૫૧ | ૨૪૪૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૫૧ |
| કલંજી | ૧૮૦૧ | ૩૫૪૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૧૮૧ |
| અડદ | ૫૦૧ | ૧૭૫૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૪૧ |
| રાય | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૯૫૧ | ૧૪૦૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૫૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૪૫૧ |
| ધાણી | ૨૬૦૧ | ૩૧૦૧ |
| બાજરો | ૩૪૧ | ૪૪૧ |
| જુવાર | ૭૦૧ | ૧૨૫૧ |
| મકાઇ | ૫૦૧ | ૫૫૧ |
| મગ | ૯૦૧ | ૧૬૨૧ |
| વાલ | ૭૦૧ | ૧૧૨૬ |
| ચોળા / ચોળી | ૩૭૧ | ૫૭૧ |
| સોયાબીન | ૧૧૩૧ | ૧૨૪૬ |
| ગોગળી | ૯૬૧ | ૧૩૨૧ |
| વટાણા | ૪૦૧ | ૬૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૬૦૦ |
| કોબી | ૨૦૦ | ૪૨૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૧૮૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૧૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૨૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| કાચા કેળા | ૩૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| ચૂણ | ૭૮૦ | ૧૦૦૦ |
| કંટોલા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| અળવીપાન | ૧૦ | ૧૫ |
| પરવર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૩૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૫૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૧૮૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૧૦ | ૧૩૯૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૨૧૨૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૫૫ |
| તલ કાળા | ૨૨૬૫ | ૩૫૯૫ |
| બાજરો | ૪૮૫ | ૪૮૫ |
| જુવાર | ૧૧૦૦ | ૧૨૩૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૭૫ |
| ચણા | ૯૦૦ | ૧૨૩૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૮૫ |
| કપાસ | ૧૦૭૦ | ૨૦૬૫ |
| એરંડા | ૧૩૬૫ | ૧૩૭૫ |
| જીરૂ | ૩૬૩૦ | ૩૯૦૦ |
| ધાણી | ૨૫૫૦ | ૩૦૨૫ |
| મેથી | ૧૧૯૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૨૩૦ |
| કાંગ | ૪૦૦ | ૭૦૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૧૦ | ૨૩૦ |
| રીંગણા | ૬૭૦ | ૯૯૦ |
| ફ્લાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શકકરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ટમેટાં | ૪૩૦ | ૫૦૦ |
| સુરણ | ૯૬૦ | ૧૦૩૦ |
| ગાજર | ૬૦૦ | ૭૨૦ |
| દુધી | ૩૦૦ | ૪૩૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૩૧૦ | ૪૦૦ |
| મુળા | ૩૦૦ | ૩૭૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૪૫૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૮૩૦ | ૧૦૨૦ |
| વટાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| કંટોલા | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૮૫૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૪૨૦ | ૨૫૫૦ |
| કોથમીર | ૧૬૦ | ૩૨૦ |
| મેથીભાજી | ૬૫૦ | ૭૩૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૯૫૦ | ૧૧૫૦ |
| બીટ | ૪૭૦ | ૬૨૦ |
| સરગવો | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૭૦૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકું | ૧૨૫૦ | ૨૬૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| લીબુ | ૪૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૩૧૦ | ૪૫૦ |
| **સાવરકુંડલા** | | |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૪૨૬ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૪૦૦ |
| કપાસ | ૧૫૫૦ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૬ |
| બાજરો | ૩૫૦ | ૫૦૬ |
| જુવાર | ૫૦૦ | ૧૦૨૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૩ |
| એરડી | ૧૨૫૦ | ૧૩૮૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૧૦ | ૧૭૦૫ |
| ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| તુવેર | ૧૪૨૦ | ૧૪૬૫ |
| તલ | ૧૯૫૦ | ૨૪૧૦ |
| ચોળી | ૧૧૫૧ | ૧૧૫૧ |
| **બાબરા** | | |
| મગફળી | ૧૧૧૦ | ૧૨૪૦ |
| તલ કાળા | ૨૧૪૦ | ૨૩૭૫ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૮૨૫ |
| ચણા | ૧૨૦૫ | ૧૨૫૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૦ |
| **ભેંસાણ** | | |
| ઘઉં | ૪૫૧ | ૫૨૧ |
| મગ | ૧૫૯૬ | ૧૫૯૬ |
| તુવેર | ૮૦૧ | ૧૪૫૧ |
| શિંગ દાણા | ૧૫૦૧ | ૧૮૯૬ |
| શિંગ ફાડા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૬૧ |
| તલ કાળા | ૨૬૯૬ | ૨૬૯૬ |
| જીરૂ | ૨૭૯૬ | ૨૭૯૬ |
| ધાણા | ૨૩૩૬ | ૨૩૩૬ |
| ઈસબગુલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૮૦૧ | ૧૨૫૧ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૫૦૮ |
| ઘઉં | ૫૦૦ | ૫૬૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૯૪ |
| મગ | ૯૦૦ | ૧૫૫૫ |
| ચણા | ૯૫૦ | ૧૨૩૦ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૩૯૦ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૪૦૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૪૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૫૩૫ |
| બાજરી | ૩૫૦ | ૪૦૦ |
| ઘઉં | ૪૯૦ | ૫૪૯ |
| મગ | ૧૩૭૫ | ૧૪૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ચણા | ૧૧૭૪ | ૧૨૪૬ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૦૮૦ | ૧૩૯૫ |
| તલી | ૧૬૨૫ | ૨૩૩૫ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૧૦૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૪૭૨ |
| લસણ | ૯૦૦ | ૨૫૫૫ |
| કપાસ | ૧૦૫૦ | ૧૭૬૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૦૦ |
| અજમો | ૧૮૮૫ | ૩૪૬૦ |
| અજમા ની ભૂસી | ૫૫ | ૨૫૪૦ |
| ધાણા-ધાણી | ૨૧૦૦ | ૨૯૦૦ |
| ડુંગળી સૂકી | ૧૬૦ | ૬૭૫ |
| ડુંગળી નાસિક | ૭૦૦ | ૮૮૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૯૬૦ |
| વટાણા | ૪૫૦ | ૬૭૫ |
| રાજમાં | ૭૫૦ | ૧૨૮૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૦૫૧ | ૨૪૦૦ |
| તલ કાળા | ૨૪૭૬ | ૩૩૭૨ |
| બાજરો | ૪૦૦ | ૪૮૬ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૦ |
| જુવાર | ૭૦૦ | ૧૧૬૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| એરંડી | ૧૩૩૧ | ૧૩૩૧ |
| ધાણા | ૨૮૭૫ | ૨૮૭૫ |
| મેથી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |
| શીંગદાણા | ૧૮૫૦ | ૧૮૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગીરગઢડાના ધોકડવાના કૂવામાંથી સિંહનો કોહવાયેલો મૃતદેહ મળ્યો

ઉના,તા.૨૧

ગીર પૂર્વ વન વિભાગની જસાધાર રેન્જ હેઠળ આવતા ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામની સીમમાં અરજણભાઈ જોધાભાઈ ડાંગોદરાની વાડીના કૂવામાંથી આશરે પાંચ વર્ષના નર સિંહનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. સુરક્ષાની દૃષ્ટિએ કૂવા પર પેરાપેટ બનાવી પ્લાસ્ટિકની નેટ જાળી



લગાવવામાં આવી હોવા છતાં સિંહ કૂવામાં ખાબક્યો હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં શિકારની શોધમાં નીકળેલા સિંહનો પગ લપસતાં તેણે જાળી તોડી કૂવામાં પડ્યો હોવાનું અને બહાર ન નીકળી શકતાં તેનું મોત થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.ચોમાસાને કારણે વાડી માલિક ઓછા આવતા હતા. દરમિયાન સવારે વાડી પર આવેલા તેમના પુત્ર જયેશભાઈએ મોટર ચાલુ કર્યા બાદ ચક્કર મારતાં કૂવા પરની તૂટેલી જાળી જોઈ હતી. કૂવામાંથી ભારે દુર્ગંધ આવતાં અંદર તપાસ કરતાં સિંહનો મૃતદેહ જોવા મળ્યો હતો. ત્યારબાદ તેમણે તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી.

# રાષ્ટ્રીય કોંગ્રેસ અધ્યક્ષના અપમાનના વિરોધમાં લીલીયા ખાતે આવેદનપત્ર અપાયું

**જવાબદારો સામે ગૂનો નોંધી કડક કાર્યવાહી કરવા માંગ**

લીલીયા,તા.૨૧

લીલીયા મોટા તાલુકા કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગ દ્વારા જયંતીભાઈ વિંઝુડાની આગેવાનીમાં લીલીયા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. ઝારખંડમાં વિદ્યાર્થી આંદોલન દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ



મલ્લિકાર્જુન ખડગેની રજૂઆત બાદ ભાજપના સ્થાનિક કાર્યકરો દ્વારા તે સ્થળે ગંગાજળ છાંટી 'શુદ્ધિકરણ' કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસે સખત વિરોધ નોંધાવ્યો હતો. આવેદનપત્રમાં જણાવાયું હતું કે ખડગે અનુસૂચિત જાતિ સમાજમાંથી આવતા હોવાથી કૃત્ય સમગ્ર SC સમાજનું અપમાન અને અસ્પૃશ્યતાને પ્રોત્સાહન આપતી માનસિકતા દર્શાવે છે. જવાબદારો સામે એટ્રોસિટી એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી કડક કાર્યવાહી કરવા, જાહેર માફી મંગાવા અને અનુસૂચિત જાતિના નાગરિકોના સન્માનનું રક્ષણ કરવા રાજ્યપાલ સ્તરે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

# ધારીમાં નવી વસાહતના બે યુવકો પર હુમલો

**કાર ધીમે ચલાવવા બાબતે થઈ બબાલ**

ધારી,તા.૨૧

અમરેલી જિલ્લાના ધારી શહેરની નવી વસાહત વિસ્તારમાં કાર ધીમી ચલાવવા બાબતે ઠપકો આપતાં બે યુવકો પર એક શખ્સે હુમલો કર્યાની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, નવી વસાહતમાં રહેતા બે શખ્સ પર હુમલો કરવામાં આવ્યો હતો. ઘટનામાં બંને યુવકોને ઈજા થતાં તાત્કાલિક ધારી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે હાલ સુધી પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળ્યું નથી. પ્રાથમિક માહિતી મુજબ, સમગ્ર ઘટના વ્યક્તિગત વાહન ધીમી ચલાવવા બાબતે થયેલા વિવાદને પગલે બની હોવાનું સામે આવ્યું છે. પોલીસે તકેદારીના ભાગરૂપે વોચ જારી રાખી હોવાનું જાણવા મળ્યું છે.

# ધોરાજી પંથકમાં વરસાદ ખેંચાતાં ખેડૂતો ચિંતાતુર, પાક નિષ્ફળ જવાની ભીતિ

**પાક સુકાવાની ભીતિ વચ્ચે પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાની કૃત્રિમ વરસાદની માંગ**

ધોરાજી, તા.૨૧

ધોરાજી પંથકમાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. મોંઘા બિયારણ અને ખાતરથી વાવેલા કપાસ, મગફળી, તલ, અડદ, મગ અને સોયાબીનના પાકને



હાલ વરસાદની તાતી જરૂરિયાત છે. વરસાદના અભાવે કપાસમાં ફાલ ખરી રહ્યો છે, જ્યારે મગફળી અને કઠોળના પાક પીળા પડી સુકાવા લાગ્યા છે. જીવાતોનો ઉપદ્રવ પણ વધ્યો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ પાક બચાવવા હવે પિયત માટે ડેમ, કેનાલ કે નર્મદાનું પાણી છોડવામાં આવે તેવી જરૂર છે. દરમિયાન ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવી સરકારની વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઉપયોગ કરી કૃત્રિમ વરસાદ માટે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# ધોરાજીમાં એલસીબીએ રૂ. ૨.૨૪ લાખના વિદેશી દારૂ સાથે ટ્રક ઝડપ્યો

ધોરાજી,તા.૨૧

રાજકોટ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ધોરાજી સીટી વિસ્તારમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. એલસીબીના મનીષભાઈ વરુ અને મનદીપસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ધોરાજીના ઉપલેટા રોડ પર આવેલા ભૂખી ચોકડી પાસે સર્વિસ રોડ પર એક શંકાસ્પદ ટ્રકની તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી રૂ. ૨,૨૪,૦૦૦ની કિંમતની વિદેશી દારૂની ૩૦૦ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂના જથ્થા સાથે બે મોબાઈલ ફોન અને રૂ. ૫ લાખની કિંમતનો ટ્રક મળી કુલ રૂ. ૭,૩૪,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે માણાવદરના ઈબ્રાહીમ નાસિર હિંગરોજા અને મયુર દેવાભાઈ હાડગરાની અટકાયત કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં લખન વિંઝુડા અને સિદ્ધાર્થ વિંઝુડાના નામ પણ ખુલતા તેમને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

# એસજીવીપી ગુરુકુલના વિદ્યાર્થીઓ ભારતનું ઉજ્જવળ ભવિષ્ય: પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ SGVP ગુરુકુલ ખાતે ચાતુર્માસ દરમિયાન વિવિધ પ્રકારના કઠોર તપ, જપ અને શિસ્તબધ્ધ સાધના કરતા વિદ્યાર્થીઓ સાથે સંસ્થાના અધ્યક્ષ પૂજ્ય સ્વામી માધવપ્રિયદાસજી તેમજ પૂરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ખાસ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓની ધાર્મિક નિષ્ઠા અને સંસ્કારોને બિરદાવવામાં આવ્યા



હતા.પૂજ્ય સ્વામીજીએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, 'ગુરુકુલમાં શિક્ષા અને દીક્ષા મેળવી રહેલા આ છાત્રો ભારતવર્ષના સાચા અને આદર્શ GenZ છે. તેમનું જીવન પૂર્ણતઃ સદાચારી છે અને તેમની વાણી અત્યંત સંસ્કારી છે. આ યુવાનોનું મગજ જ્ઞાનથી અને દિલ ભક્તિભાવથી છલકાય છે. તેમના હાથમાંથી હંમેશાં નિઃસ્વાર્થ સેવાની સુગંધ પ્રસરે છે.'પૂજ્ય સ્વામીજીએ વધુમાં ઉમેર્યું હતું કે આધ્યાત્મિકતા, ઉચ્ચ નૈતિક મૂલ્યો અને આધુનિક શિક્ષણનું ઉત્તમ સમન્વય ધરાવતા આ યુવાનો જ સાચા અર્થમાં ભારતવર્ષનું ઉજ્જવળ અને સમૃધ્ધ ભવિષ્ય છે.'

# રાજકોટમાં ૨૨-૨૩ ઓગસ્ટે ૭મી 'કપાસ બીજ અને મગફળી પરિષદ-૨૦૨૬'નું આયોજન

અમરેલી,તા.૨૧

દેશમાં છેલ્લા ૬૩ વર્ષથી કાર્યરત 'ધ સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SEA)' અને 'ઓલ ઈન્ડિયા કોટન સીડ ક્રશર્સ એસોસિએશન (AICOSCA)' દ્વારા આગામી તા. ૨૨ અને ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાજકોટ મુકામે ૭મી 'કપાસ બીજ અને મગફળી પરિષદ-૨૦૨૬' યોજાશે.આ બે દિવસીય પરિષદનું ભવ્ય ઉદ્ઘાટન ૨૨ ઓગસ્ટે સાંજે ૫ કલાકે હોટલ સિઝન, અવધ રોડ, કાલાવડ રોડ ખાતે થશે. સંસ્થાના એક્ઝીકેટીવ ડાયરેક્ટર ડો. બી. વી. મહેતાની અખબારી યાદી અનુસાર, કપાસિયા અને મગફળી ભારતની તેલિબિયાં અને કૃષિ અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર સ્તંભ છે. આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય તેલિબિયાંની વેલ્યુ ચેઈનને મજબૂત બનાવી વૈશ્વિક સ્પર્ધાત્મકતા, નવીનતા અને પ્રોસેસિંગ ટેકનોલોજીને વિશેષ વેગ આપવાનો છે.આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના કૃષિ અને પશુપાલન મંત્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહેશે. ઉપરાંત, અતિથિ વિશેષ તરીકે રાજકોટના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા, પૂર્વ કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને મહારાષ્ટ્ર કૃષિભાવ પંચના અધ્યક્ષ પાશા પટેલ ખાસ હાજરી આપશે. આ પરિષદ બંને બહુમુખી પાકો દ્વારા ખેડૂતોની આવક વધારવા, મૂલ્યવર્ધન અને નીતિગત વિકાસ અંગે સઘન ચર્ચા કરવા માટે એક અત્યંત મહત્વનું પ્લેટફોર્મ બની રહેશે.

# રાજુલા-રાજકોટ એસ.ટી. બસ જાફરાબાદ સુધી લંબાવવા માંગ

જાફરાબાદ,તા.૨૧

જાફરાબાદની સંસ્થાઓ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ દ્વારા રાજુલાથી રાજકોટ જતી બસને જાફરાબાદ સુધી લંબાવવા એસટી તંત્રના લાગતા-વળગતા અધિકારીઓને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રાજુલાથી સાંજે ૫:૧૫ કલાકે ઉપડતી રાજકોટ બસને



જાફરાબાદ સુધી લંબાવવામાં આવે તો વેપારીઓ, નોકરીયાતો, માછીમારો તેમજ મુસાફરોને મોટી સુવિધા મળી શકે તેમ છે. જાફરાબાદના લોકોમાં પણ આ બસને લંબાવવાની ઉગ્ર માંગ ઉઠી રહી છે. આ બસ રાજુલા ડેપોની હોવાથી મુસાફરોની માંગને ધ્યાનમાં રાખી ડેપો મેનેજર હકારાત્મક નિર્ણય લે તેવી સંસ્થાઓએ માંગ કરી છે. બસ જાફરાબાદ સુધી લંબાવવાથી લોકોને રાજકોટ, મોરબી સહિતના વિસ્તારોમાં જવા સુવિધા મળશે અને એસટી નિગમની આવકમાં પણ વધારો થઈ શકે તેમ છે.

# ગુંદરણ અને ટીંબી ગામે સર્વે બાદ સહાય ન મળતા રજૂઆત

લીલીયા,તા.૨૧

લીલીયા તાલુકાના ગુંદરણ અને ટીંબી ગામમાં જૂન મહિનાના અતિભારે વરસાદથી પાણી ભરાતા ગ્રામજનોને ભારે નુકસાન થયું હતું. સર્વે બાદ ઘર-વખરી સહાય મંજૂર થઈ હોવા છતાં ૪૦ દિવસથી રકમ મળી નથી. તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથળીયાએ અમરેલી DDO અને કલેક્ટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક સહાય ચૂકવવાની માંગ કરી છે.



રજૂઆતમાં અધિકારીઓ વચ્ચે સંકલનના અભાવે સહાય અટવાઈ હોવાનું જણાવાયું છે. અસરગ્રસ્તોના ખાતામાં વહેલી તકે રકમ જમા કરાવવા માંગ કરવામાં આવી છે.

# ધોરાજી નગરપાલિકાના વોર્ડ નં. ૯ના નગરસેવકે આપ્યું રાજીનામું

ધોરાજી, તા.૨૧

ધોરાજી નગરપાલિકાના વોર્ડ નંબર ૯ના ભાજપના નગરસેવક પિયુષ જેન્તીભાઈ ચવાડિયા ઉર્ફે શિવાજીએ બે ઢોલી સાથે રાખી ઢોલ વગાડતા પાલિકા કચેરીએ પહોંચી પોતાનું રાજીનામું આપ્યું છે. રાજીનામામાં પાલિકાના કર્મચારીઓ કામ કરતા ન હોવાનો તેમજ વિસ્તારના કામોની અવગણના કરતા હોવાનો આક્ષેપ



કર્યો હતો. આઠ-આઠ મહિનાથી કામો પેન્ડિંગ હોવાથી માનસિક રીતે કંટાળી રાજીનામું આપ્યાનું જણાવ્યું હતું. ભાજપ શાસિત નગરપાલિકાના નગરસેવકના રાજીનામાથી રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. ભાજપના પદાધિકારીઓએ આ મામલે બોલવાનું ટાળ્યું હતું.

## મામલતદાર કચેરી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી/કેસ નં. ૮૪ / ૨૦૨૬ — તા.૨૦/૦૮/૨૦૨૬

શ્રી સતીષ મધુભાઈ ગુજરવાડીયા,
રહે.ઘોડાસણ, તા.વિસાવદર, જિ.જુનાગઢ.

........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી, ઘોડાસણ, તા. વિસાવદર

.........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી સતીષ મધુભાઈ ગુજરવાડીયા, રહે.ઘોડાસણ, તા.વિસાવદર, જિ.જુનાગઢ એ તેમના દાદીશ્રી જીતુબેન રામજીભાઈ ગુજરવાડી નુ તા.૨૧/૦૧/૧૯૭૩ ના રોજ વિસાવદર તાલુકાના ઘોડાસણ ગામ મુકામે અવસાન થયેલ છે જેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ઘોડાસણ, તા. વિસાવદર ના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ઘોડાસણ, તા.વિસાવદર ના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

**તૈયાર કરનાર**
**સહી.**
**(એન.જી.ધાંધલ્યા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

**હુકમથી**
**સહી.**
**(આર.એન.ખોડભાયા)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**

# પ્રગતિશીલ જીવન અને ધંધાના વિકાસ માટે નાણાકીય આયોજન તથા સતત શીખવું જરૂરી: કાનજી ભાલાળા

સુરત,તા.૨૧

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા આયોજિત ૧૭૩મા 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે તંદુરસ્તી, નાણાકીય આયોજન અને ખુશાલી આધારિત પ્રગતિશીલ અભિગમ જ સાચી સુખાકારી છે. ભૂલોમાંથી શીખવું એ જીવન ઘડતરનો પ્રથમ પાઠ છે. આ પ્રસંગે ગિરીરાજ હોટલના ગોપાલભાઈ ફુલેત્રા પરિવારે




વીર જવાનોના કલ્યાણ અર્થે 'જય જવાન નાગરિક સમિતિ'ને રૂ. ૧,૫૧,૦૦૦નો ચેક અર્પણ કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિક રાજેશભાઈ વેકરીયાએ વ્યવસાયમાં ગુણવત્તા, સતત શીખવાની વૃત્તિ અને માનસિક તણાવથી બચવા ઓછામાં ઓછું છ મહિનાનું નાણાકીય બેકઅપ રાખવા પર ભાર મૂક્યો હતો. જ્યારે બીપીનભાઈ કસવાળાએ પણ પોતાના અનુભવો શેર કર્યા હતા. ઉપરાંત, 'વિચારોના અંજવાળે' કાર્યક્રમના ૨૫ એપિસોડ પૂર્ણ થવા બદલ ગોપાલભાઈ ગજેરાનું અભિવાદન કરાયું હતું, જેમાં ઉત્તર પ્રદેશના IAS ડૉ. હીરાલાલ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના તાલુકાના ચાંચકવડ ગામે વનવિભાગે દીપડો પાંજરે પુર્યો

ઉના, તા.૨૧

ગીર (પૂર્વ) વન વિભાગના જસાધાર રેન્જ વિસ્તારમાં આવેલા ચાંચકવડ ગામે મહેશભાઈ ભિખાભાઈ રાઠોડના ઘર આસપાસ દીપડાના રંજાડની



ફરિયાદ મળતા વનવિભાગનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો.

વનવિભાગે દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવ્યું હતું. વહેલી સવારે એક દીપડો પાંજરે પુરાયો હતો. દીપડાને તપાસ અને આરોગ્ય નિરીક્ષણ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# મથુરામાં નિર્માણાધીન મોલનું શટર તૂટી પડતાં ૩ કામદારોનાં મોત, એક ગંભીર

મથુરા, તા.૨૧



ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં કોતવાલી વૃંદાવન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિર્માણાધીન મોલનું શટર અચાનક તૂટી પડતાં મોટો અકસ્માત સર્જાયો હતો. કાટમાળ નીચે દટાઈ જવાથી ત્રણ કામદારોનાં મોત થયા હતા, જ્યારે એક કામદાર ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગંભીર સ્થિતિને પગલે ઘાયલને વધુ સારવાર માટે આગ્રા રિફર કરવામાં આવ્યો છે. અકસ્માતની જાણ થતાં જ પોલીસ, ફાયર બ્રિગેડ અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને કાટમાળ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. મૃતક કામદારો નેપાળ અને પશ્ચિમ બંગાળના હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. જિલ્લા મેજિસ્ટ્રેટ સી.પી. સિંહ અને એસએસપી શ્લોક કુમારે ઘટનાસ્થળની મુલાકાત લઈ બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ પણ ઘટનાની નોંધ લઈ અધિકારીઓને રાહત અને બચાવ કામગીરી ઝડપી બનાવવા તેમજ ઘાયલને યોગ્ય સારવાર આપવાના નિર્દેશ આપ્યા છે. પ્રાથમિક તપાસમાં કામદારો શટરિંગ નીચે કામ કરી રહ્યા હતા ત્યારે તેનો મોટો ભાગ તૂટી પડ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે બાંધકામમાં સલામતીના ધોરણોનું પાલન થયું હતું કે નહીં તે અંગે તપાસ શરૂ કરી છે.

# ગુજરાતની ૧૦ હજારથી વધુ બહેનો પીએમ મોદીને રાખડી અને પોસ્ટકાર્ડ મોકલશે

અમદાવાદ, તા.૨૧



રક્ષાબંધન પર્વ નિમિત્તે ગુજરાતની ૧૦ હજારથી વધુ બહેનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રાખડીરૂપ રક્ષાસૂત્ર અને પોસ્ટકાર્ડ મોકલીને તહેવારની અનોખી ઉજવણી કરશે. ભાજપ મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ અંજુબેન વેકરિયાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે ૨૮ ઓગસ્ટે રક્ષાબંધનના પર્વે બહેનો વડાપ્રધાનને દીર્ઘાયુના આશીર્વાદ સાથે રાખડી મોકલશે. તેમણે જણાવ્યું કે વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલી બહેનો પણ આ અભિયાનમાં જોડાશે. અંજુબેનના જણાવ્યા મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મહિલાઓની સુરક્ષા, સન્માન અને સશક્તિકરણ માટે અનેક નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમણે ગુજરાતમાં સરકારી નોકરીઓમાં ૩૩ ટકા મહિલા અનામત અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા અનામતનો ઉલ્લેખ કર્યો હતો. સાથે જ ૨૦૨૩માં પસાર થયેલા નારી શક્તિ વંદન અધિનિયમને મહિલાઓના રાજકીય પ્રતિનિધિત્વ માટે મહત્વપૂર્ણ ગણાવ્યો હતો. અંજુબેને કોંગ્રેસ પર પ્રહાર કરતાં આક્ષેપ કર્યો હતો કે મહિલાઓના સશક્તિકરણ અંગે કોંગ્રેસ માત્ર વાતો કરે છે, જ્યારે ભાજપ સરકારે મહિલાઓ માટે નક્કર પગલાં લીધાં છે.

# ખરાબ હવામાનથી કાશ્મીરમા સફરજનના પાકને ફટકો, રૂ.૪૦૦ કરોડની નુકસાની

પુલવામા, તા.૨૧

કાશ્મીરમાં ખરાબ હવામાનને કારણે આ વર્ષે સફરજનના પાકને ભારે નુકસાન થયું છે. મુશળધાર વરસાદ, કરા અને ભારે પવનથી ખાસ કરીને દક્ષિણ કાશ્મીરના શોપિયાન, પુલવામા, કુલગામ અને અનંતનાગના બગીચાઓને અસર થઈ છે. અહેવાલો મુજબ, બાગાયતી ક્ષેત્રને રૂ.૩૦૦થી ૪૦૦ કરોડનું નુકસાન થવાનો અંદાજ છે. કેટલાક વિસ્તારોમાં સફરજનના પાકને ૯૦ ટકા સુધી નુકસાન થયું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. કરાને કારણે ફળો પર ડાઘ પડતાં તેની બજાર કિંમતમાં પણ ઘટાડો થયો છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, આ પ્રકારનું નુકસાન છેલ્લા ત્રણ દાયકામાં પ્રથમ વખત જોવા મળ્યું છે. હજારો પરિવારો સફરજનની ખેતી પર નિર્ભર હોવાથી ખેડૂતો પાક વીમો, હવામાનની સચોટ આગાહી અને સમયસર વળતરની માંગ કરી રહ્યા છે.

# રોબર્ટ વાડ્રા મની લોન્ડરિંગ કેસમાં તપાસ ચાલુ, ઈડીએ કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો

નવી દિલ્હી, તા.૨૧



શિકોહપુર જમીન સોદા સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાઉસ એવન્યુ કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે. ઈડીએ તપાસ પૂર્ણ કરવા માટે વધુ સમયની જરૂર હોવાનું જણાવી દસ્તાવેજોની યાદી રજૂ કરવા ત્રણ સપ્તાહનો સમય માંગ્યો હતો. કોર્ટે સમય મંજૂર કરી આગામી સુનાવણી ૨૩ સપ્ટેમ્બરે રાખી છે.

આ કેસ ગુરુગ્રામના શિકોહપુર ગામની આશરે ૩.૫૩ એકર જમીન સાથે સંબંધિત છે. ફેબ્રુઆરી ૨૦૦૮માં રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડે આ જમીન રૂ.૭.૫ કરોડમાં ખરીદી હતી. બાદમાં જૂન ૨૦૦૮માં ડીએલએફે જમીન માટે આશરે રૂ.૫૮ કરોડ ચૂકવવા સંમતિ દર્શાવી હતી. ઈડીનો આરોપ છે કે જમીનના મૂલ્યમાં થયેલા વધારા અને ત્યારબાદના નાણાકીય વ્યવહારોમાં મની લોન્ડરિંગ થયું હતું. ઈડીએ જુલાઈ ૨૦૨૫માં ફરિયાદ દાખલ કરી હતી અને વાડ્રા સહિત અનેક વ્યક્તિઓ તથા કંપનીઓની મિલકતો જપ્ત કરી હતી.

# પાકિસ્તાન નહીં, ચીન ભારત માટે મુખ્ય પડકાર : ભૂતપૂર્વ સેના પ્રમુખ નરવણે

નવી દિલ્હી, તા.૨૧

ભૂતપૂર્વ સેના પ્રમુખ મનોજ મુકુંદ નરવણેએ કહ્યું કે ભારત માટે આગામી વર્ષોમાં પાકિસ્તાન કરતાં ચીન મોટો પડકાર બની શકે છે. પુણેમાં તેમના પુસ્તકના વિમોચન પ્રસંગે તેમણે જણાવ્યું કે ચીન સાથેના મતભેદો વાતચીત અને રાજદ્વારી માધ્યમથી ઉકેલવા જોઈએ. નરવણેએ કહ્યું કે ભારતે પાકિસ્તાન અને ચીન બંને સાથે યુધ્ધો લડ્યા છે અને સરહદી વિવાદો હજુ વણઉકેલાયેલા છે. જોકે, બંને દેશો ભારત માટે અલગ પ્રકારના પડકારો ઊભા કરે છે. તેમણે જણાવ્યું કે ચીન રાજકારણ, અર્થતંત્ર, વેપાર અને સૈન્ય સહિત અનેક ક્ષેત્રોમાં ભારત સાથે સ્પર્ધા કરશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે બળનો ઉપયોગ અંતિમ વિકલ્પ હોવો જોઈએ, પરંતુ સંભવિત પડકારોનો સામનો કરવા ભારતે મજબૂત સૈન્ય તૈયારી જાળવી રાખવી જરૂરી છે. "જો તમે શાંતિ ઈચ્છતા હો, તો યુધ્ધ માટે તૈયાર રહો," તેમ તેમણે જણાવ્યું.

# ઝારખંડમાં પેપર લીક, સીમાંકન અને ખાણ કાયદા મુદ્દે ભાજપ જેએમએમને ઘેરશે

નવી દિલ્હી, તા.૨૧




ઝારખંડના ભાજપના નેતાઓએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે દિલ્હીમાં બેઠક કરી હતી. બેઠકમાં રાજ્યની રાજકીય સ્થિતિ અને ભાજપની આગામી રણનીતિ અંગે ચર્ચા થઈ હતી. પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિના મુદ્દે ભાજપ આંદોલનનો રાજકીય લાભ મેળવી શક્યું ન હોવાનું નેતાઓએ જણાવ્યું હતું. ભાજપ હવે પેપર લીકની સીબીઆઈ તપાસની માંગ સાથે જેએમએમ સરકારને ઘેરવાની તૈયારીમાં છે. આ ઉપરાંત સીમાંકનના મુદ્દે પણ રાજ્યવ્યાપી અભિયાન ચલાવવાનો નિર્ણય લેવાયો છે. ભાજપનો આરોપ છે કે જેએમએમ આદિવાસી અનામત બેઠકો ઘટાડવાના ભયનું રાજકારણ કરી રહ્યું છે. બેઠકમાં ખાણકામ કાયદા અંગે પણ ચર્ચા થઈ હતી. જેએમએમનો દાવો છે કે નવા કાયદાથી રાજ્ય સરકારના અધિકારો અને આવકને નુકસાન થશે, જ્યારે ભાજપ તેને રોકાણ અને ખાનગી ભાગીદારી માટે લાભદાયી ગણાવી રહ્યું છે.

# કેન્દ્રની મંજૂરી ન મળતાં તેલંગાણા સીએમ રેવંત રેડ્ડીની અમેરિકા મુલાકાત થઈ રદ

હૈદરાબાદ, તા.૨૧



કેન્દ્ર સરકારે મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીના નેતૃત્વ હેઠળના સત્તાવાર 'તેલંગાણા રાઈઝિંગ' પ્રતિનિધિમંડળને અમેરિકા પ્રવાસ માટે મંજૂરી આપી નથી. મુખ્યમંત્રી કાર્યાલયે આ માહિતી આપી છે. રેવંત રેડ્ડી હાલમાં લંડનમાં છે અને મૂળ કાર્યક્રમ મુજબ ૩૦ ઓગસ્ટે હૈદરાબાદ પરત ફરવાના હતા. હવે તેઓ ૨૩ ઓગસ્ટે જ લંડનથી હૈદરાબાદ પરત ફરશે. તેલંગાણા સરકારે નીતિ અને પ્રોટોકોલ મુજબ યુકે તથા અમેરિકાની મુલાકાત માટે કેન્દ્ર પાસે મંજૂરી માંગી હતી. કેન્દ્ર સરકારે યુકે પ્રવાસને મંજૂરી આપી હતી, પરંતુ અમેરિકાની મુલાકાતને મંજૂરી આપવામાં આવી ન હતી. લંડન પહોંચ્યા બાદ રાજ્ય સરકારને આ અંગે જાણ કરવામાં આવી હતી. રેવંત રેડ્ડી બોસ્ટનમાં રોકાણકારો સાથે બેઠક યોજવાના હતા. 'તેલંગાણા રાઈઝિંગ' પહેલનો હેતુ રાજ્યમાં રોકાણ અને ઔદ્યોગિક પ્રવૃત્તિ વધારવાનો છે. અમેરિકાની મુલાકાત દરમિયાન નવા વ્યવસાયિક અવસરો અંગે ચર્ચા થવાની હતી. મુખ્યમંત્રી કાર્યાલયે જણાવ્યું કે પ્રવાસ રદ થવાનું કારણ કેન્દ્રની મંજૂરી ન મળવી છે.

# બિહારમાં દારૂબંધી કાયદા સાથે કોઈ સમાધાન નહીં : જેડીયુ મંત્રી

પટણા, તા.૨૧



બિહારમાં દારૂબંધી કાયદાના અમલ અંગે જેડીયુના નેતા અને રાજ્ય સરકારના મંત્રી મદન સાહનીએ સ્પષ્ટતા કરી છે કે કાયદા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. તેમણે જણાવ્યું કે દારૂબંધીનો કડક અમલ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

મદન સાહનીએ કહ્યું કે નીતિશ કુમારે તમામ રાજકીય પક્ષોની સંમતિથી રાજ્યમાં દારૂબંધી લાગુ કરી હતી. તેમના જણાવ્યા મુજબ, આ કાયદાનો સૌથી વધુ લાભ ગરીબો, મજૂરો અને મહિલાઓને થયો છે. મંત્રીએ અધિકારીઓને દારૂ જપ્ત થાય ત્યારે સંબંધિત કંપની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપી છે. દરમિયાન, સમાજ કલ્યાણ મંત્રી શ્વેતા ગુપ્તાએ સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# પંજાબ ચૂંટણી પહેલા ભાજપ-અકાલી દળ ગઠબંધનની અટકળો થઈ તેજ

સંગરુર, તા.૨૧

પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ અને શિરોમણી અકાલી દળ વચ્ચે ફરી ગઠબંધનની શક્યતા અંગે ચર્ચાઓ તેજ બની છે. અકાલી નેતા અને ભટિંડા સાંસદ હરસિમરત કૌર બાદલે સંગરુરમાં એક કાર્યક્રમ દરમિયાન પંજાબના વિકાસ માટે કેન્દ્રના સહયોગની વાત કરી હતી.

તેમણે કહ્યું કે કેન્દ્ર અને પંજાબ વચ્ચે વિકાસ પ્રોજેક્ટ્સ માટે કરારો થાય તો રાજ્યમાં મોટા પ્રોજેક્ટ્સનો પાયો નાખી શકાય છે. જોકે, તેમણે ભાજપ સાથે ગઠબંધન અંગે કોઈ સીધી જાહેરાત કરી નહોતી.

હરસિમરત કૌરે કહ્યું કે યોગ્ય સમયે તમામ બાબતો જનતા સમક્ષ જાહેર થશે. તાજેતરમાં સુખબીર સિંહ બાદલની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત બાદ પણ બંને પક્ષો વચ્ચે ફરી જોડાણની અટકળો તેજ બની છે.

# 'વંદે માતરમ'નો વિરોધ કરનારાઓને જનતા જવાબ આપશે : જીતન રામ માંઝી

પટણા, તા.૨૧



કેન્દ્રીય મંત્રી અને હિન્દુસ્તાની આવામ મોરચાના પ્રમુખ જીતન રામ માંઝીએ 'વંદે માતરમ'ના મુદ્દે વિરોધ કરનારાઓ પર નિશાન સાધ્યું છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં તેમણે જણાવ્યું કે, 'વંદે માતરમ'ને લઈને વિવાદ ઊભો કરનારાઓ સમયસર નહીં સુધરે તો જનતા તેમને યોગ્ય જવાબ આપશે.

તાજેતરમાં કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠકમાં પક્ષના કાર્યક્રમોમાં 'વંદે માતરમ'ના માત્ર બે શ્લોક ગાવાનો નિર્ણય લેવાયો હતો. સંપૂર્ણ ગીત નહીં ગાવાના નિર્ણયને લઈને રાજકીય વિવાદ સર્જાયો છે.

નોંધનીય છે કે સંસદમાં 'વંદે માતરમ'ને કાયદેસર માન્યતા મળ્યા બાદ આ મુદ્દે રાજકીય ચર્ચા તેજ બની છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ કોંગ્રેસના નિર્ણયની ટીકા કરી હતી.

# સોમાલિયામાં હથિયારો અને ૬ ભારતીય ક્રૂ સવાર કાર્ગો જહાજનું ચાંચિયાઓએ અપહરણ કર્યુ

સોમાલિયા, તા.૨૧



સોમાલિયાના પન્ટલેન્ડ કિનારે ચાંચિયાઓએ કેમરૂનના ધ્વજવાળા કાર્ગો જહાજનું અપહરણ કર્યું હોવાનું સામે આવ્યું છે. જહાજમાં તુર્કીના હથિયારો, સંદેશાવ્યવહાર અને ઉપગ્રહ સાધનો ભરેલા હતા. જહાજના ૧૦ સભ્યોના ક્રૂમાં ઓછામાં ઓછા છ ભારતીયો હોવાનું જાણવા મળ્યું છે. અધિકારીના જણાવ્યા મુજબ, ચાંચિયાઓ જહાજને નુગાલ કિનારા તરફ લઈ ગયા હતા. આઠ ચાંચિયાઓ એ જ જૂથના સભ્યો હોવાનું માનવામાં આવે છે, જેણે ૨૬ એપ્રિલે અન્ય એક વેપારી જહાજનું અપહરણ કર્યું હતું. અહેવાલો અનુસાર, તુર્કીની માલિકીના બે જહાજો બાદમાં અપહરણ કરાયેલા જહાજ નજીક પહોંચ્યા હતા, જ્યારે તુર્કી હેલિકોપ્ટર અને ડ્રોન દ્વારા વિસ્તાર પર નજર રાખવામાં આવી રહી હતી. મંગળવારે બે લોકો સવાર નાની હોડી જહાજ પાસે પહોંચી હતી અને ખાટ પહોંચાડ્યો હતો. હોડી પરત ફર્યા બાદ હવાઈ હુમલો થયો હતો, જેમાં ચાર લોકોનાં મોત અને બે લોકો ઘાયલ થયા હતા. હુમલો કોણે કર્યો તે સ્પષ્ટ થયું નથી. જહાજ, ક્રૂ અને કાર્ગોની હાલની સ્થિતિ અંગે પણ સત્તાવાર માહિતી મળી નથી.

# પીઓકેમાં સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિએ સરકાર સામે આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી આપી

ઈસ્લામાબાદ, તા.૨૧



પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિએ સરકાર સામે આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચેતવણી આપી છે. સમિતિએ કર અને વીજળીના બિલ નહીં ભરવા તેમજ સરકારી શાળાઓ અને કચેરીઓના બહિષ્કારનું આહ્વાન કર્યું છે. પીઓકેમાં છેલ્લા કેટલાક સમયથી લોકો વિવિધ માંગણીઓને લઈને વિરોધ કરી રહ્યા છે. સમિતિએ આરોપ લગાવ્યો છે કે સરકાર અને સુરક્ષા દળો દ્વારા પ્રદર્શનકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જોકે, આંદોલન દરમિયાન થયેલા મૃત્યુ અને અન્ય આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ અંગે સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી. સમિતિના નેતાઓએ જણાવ્યું કે સરકાર લોકોની માંગણીઓનો સંવાદ દ્વારા ઉકેલ લાવે. બીજી તરફ, પાકિસ્તાનના બલુચિસ્તાન, ખૈબર પખ્તુનખ્વા અને સિંધમાં પણ વિવિધ રાજકીય અને સામાજિક મુદ્દાઓને લઈને અસંતોષ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે અમેરિકા સાથેના સંબંધો મજબૂત કરવાની વાત કરી હતી અને ભારત-પાકિસ્તાન વચ્ચેના યુધ્ધવિરામમાં ભૂમિકા બદલ અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભાર માન્યો હતો.

# અમદાવાદના નિકોલમાં નકલી વિદેશી દારૂ વેચવાના કૌભાંડનો પર્દાફાશ

અમદાવાદ, તા.૨૧

અમદાવાદના નિકોલ વિસ્તારમાં ડિફેન્સના નામે સસ્તી બ્રાન્ડનો દારૂ બોટલમાં ભરી તેમાં કેમિકલ અને ફ્લેવર ભેળવી મોંઘી બ્રાન્ડના સ્ટીકર લગાવી નકલી વિદેશી દારૂ વેચવાના કૌભાંડનો નિકોલ પોલીસ અને સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ પર્દાફાશ કર્યો છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે બે આરોપી ફરાર છે.



પોલીસને બાતમી મળી હતી કે અટલ આવાસ યોજનાના ગેટ પાસે સુનિલ માખીજા અને દિનેશ જંડાવાલા નકલી અંગ્રેજી દારૂ તૈયાર કરી છૂટકમાં વેચતા હતા. તેના આધારે રેડ કરી જ્યુપિટર પાસે ઉભેલા સુનિલ ઉર્ફે સોનુ રમેશભાઈ માખીજાને ઝડપી પાડ્યો હતો. તેની ડેકીમાંથી દારૂની એક બોટલ મળી આવી હતી.

પોલીસે આરોપી પાસેથી રૂ.૫ હજારનો મોબાઈલ કબજે કર્યો હતો. તપાસ દરમિયાન દિનેશ જંડાવાલાના કુબેરનગર સ્થિત ઘરેથી શંકાસ્પદ પ્રવાહી ભરેલી ચાર બોટલ, પ્લાસ્ટિકની ચાર બોટલ અને આધારકાર્ડ મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ.૯,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ન્યૂયોર્કમાં ગુજરાતમાં રોકાણ માટે વૈશ્વિક કંપનીઓના વડાઓ સાથે બેઠક કરી

ગાંધીનગર, તા.૨૧

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ના પૂર્વાર્ધરૂપે અમેરિકાના પ્રવાસે ગયેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રવાસના પાંચમા દિવસે ન્યૂયોર્કમાં વિશ્વની અગ્રણી કંપનીઓના વડાઓ સાથે મહત્વપૂર્ણ 'વન ટુ વન' બેઠકો યોજી હતી. આ બેઠકોમાં આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એસેટ મેનેજમેન્ટ અને ન્યૂક્લિયર



એનર્જી ક્ષેત્રની કંપનીઓએ ગુજરાતમાં રોકાણ, સંશોધન અને સ્કિલિંગ માટે રસ દાખવ્યો હતો.

મુખ્યમંત્રીએ સેમિકન્ડક્ટર, એઆઈ, ડેટા સેન્ટર અને ગિફ્ટ સિટીની વર્લ્ડ ક્લાસ ઈકોસિસ્ટમની વિગતો રજૂ કરી આગામી વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. કિન્ડ્રીલે ગુજરાતના વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સ માટે એઆઈ, સ્કિલિંગ અને મેન્ટરશિપ ક્ષેત્રે ભાગીદારીમાં રસ દર્શાવ્યો હતો. બ્લેકરોક સાથેની બેઠકમાં ડિજિટલ ઈન્વેસ્ટમેન્ટ અને રિસ્ક મેનેજમેન્ટ ક્ષેત્રે સહયોગ અંગે ચર્ચા થઈ હતી. હોલ્ટેક ઈન્ટરનેશનલે ગુજરાતમાં સ્મોલ મોડ્યુલર રિએક્ટરના ઉત્પાદન અને સંશોધન કેન્દ્ર સ્થાપવામાં રસ દાખવ્યો હતો.

# ભાવનગરમાં લઠ્ઠાકાંડ બાદ આપ-કોંગ્રેસે ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરી

ભાવનગર,તા.૨૧

ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે સર્જાયેલા ગંભીર લઠ્ઠાકાંડને પગલે રાજ્યના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લઈ સમગ્ર ઘટનાની માહિતી મેળવી હતી. તેમણે રાજ્ય સરકાર, ગૃહ વિભાગ અને વહીવટી તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. બીજી તરફ, શહેર કોંગ્રેસ દ્વારા કલેક્ટર કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. કોંગ્રેસે લઠ્ઠાકાંડની જવાબદારી નક્કી કરી ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માગણી કરી છે. સાથે જ માગણીઓ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ભાવનગરમાં દારૂ પીનાર સુરતનો યુવક બ્રેઈનડેડ જાહેર, અત્યાર સુધીમાં ૯ના મોત

ભાવનગર,તા.૨૧

ગુજરાતને હચમચાવી મૂકનારા ભાવનગરના નકલી લઠ્ઠાકાંડની ગંભીર અસર હવે સુરતમાં પણ જોવા મળી રહી છે. ભાવનગરમાં ઝેરી દારૂ પીધા બાદ સુરત આવેલા મૂળ ભાવનગરના સંજયસિંહ ડોડિયા નામના યુવકની તબિયત અત્યંત નાજુક બનતા સુરતના ખટોદરા સ્થિત આઈએનએસ હોસ્પિટલમાં તેમને બ્રેઈન ડેડ જાહેર કરવામાં



આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી યુવકની આઈસીયુમાં સારવાર ચાલી રહી હતી. હાલ તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે અને પરિવારજનોને પણ સમગ્ર મામલે જાણ કરવામાં આવી છે. ૧૮ ઓગસ્ટે સામે આવેલા ભાવનગરના લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક વધીને ૯ થયો છે, જ્યારે ૩૦ લોકો હજુ સારવાર હેઠળ છે. આ કેસમાં કુલ ૨૧ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. તેમાંથી ૧૩ આરોપીઓને ૧૪ દિવસના રિમાન્ડની માગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જોકે, કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. બીજી તરફ ભાવનગર ક્રિમિનલ બાર એસોસિએશને ઠરાવ કરી આરોપીઓ તરફથી કેસ નહીં લડવાનો નિર્ણય લીધો છે.

# જૂનાગઢ જિલ્લા પ્રા.શિક્ષકોએ બોગસ સીસીસી સર્ટિફિકેટ રજૂ કર્યા હોવાનો ખુલાસો

જૂનાગઢ,તા.૨૧

જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો દ્વારા બોગસ અને નકલી CCC સર્ટિફિકેટ રજૂ કરી ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યાનો ગંભીર ખુલાસો સામે આવ્યો છે. શિક્ષણ ક્ષેત્રે પારદર્શિતા લાવવા સરકાર દ્વારા CCC પરીક્ષા પાસ કરવી ફરજિયાત કરવામાં આવી છે. જોકે, કેટલાક શિક્ષકોએ નિયમોની અવગણના કરી નકલી પ્રમાણપત્રોના આધારે સરકારી લાભ મેળવ્યો હોવાની વિગતો સામે આવતા શિક્ષણ વિભાગમાં ચકચાર મચી છે. અગાઉ જૂનાગઢ શહેરની ગુજરાત એજ્યુકેશન સંસ્થામાં દર્શન મેસવાણિયા દ્વારા આચરવામાં આવેલા સ્કોલરશિપ કૌભાંડની તપાસ ચાલી રહી છે. ત્યારે હવે બોગસ CCC સર્ટિફિકેટનો મામલો સામે આવતા શિક્ષણ વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે. તપાસ હાથ ધરાય તો વધુ ગેરરીતિ બહાર આવે તેવી શક્યતા છે.

# રાજસ્થાનથી આવેલ સસ્તા ભાવનું એનાલોગ પનીર અમદાવાદમાંથી જપ્ત

અમદાવાદ,તા.૨૧

અમદાવાદમાં અન્ય રાજ્યમાંથી 'લો-ફેટ એનાલોગ પનીર' લાવીને સસ્તા ભાવે વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ વિભાગે કાંકરિયા વિસ્તારના પે એન્ડ પાર્કિંગ પ્લોટમાંથી દરોડા પાડી બે લક્ઝરી બસમાંથી કુલ ૪૦૮ કિલોગ્રામ એનાલોગ પનીરનો જથ્થો જપ્ત કર્યો છે.




પ્રાથમિક તપાસ અનુસાર, આ જથ્થો રાજસ્થાનથી લક્ઝરી બસ મારફતે અમદાવાદ લાવવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન નરોડા અને મણિનગર વિસ્તારના બે વ્યક્તિઓ આ પનીરનો જથ્થો લેવા પહોંચ્યા હતા. ફૂડ વિભાગે સમગ્ર જથ્થો સીઝ કરીને સેમ્પલ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલી આપ્યા છે.

લેબ રિપોર્ટ આવ્યા બાદ પનીરમાં વપરાયેલા ઘટકો અને ખાદ્ય સુરક્ષાના નિયમો અંગે વધુ સ્પષ્ટતા થશે. દૂધના બદલે વેજિટેબલ ફેટથી બનતા સસ્તા એનાલોગ પનીરના વેચાણ સામે ગ્રાહકોમાં જાગૃતિ હોવી અત્યંત જરૂરી બની છે. AMC હાલ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રહ્યું છે.

# ગુજરાત પોલીસ વિભાગમાં ૪૧૪ કર્મચારીઓની આંતરજિલ્લા બદલી

અમદાવાદ,તા.૨૧

ગુજરાત પોલીસ વિભાગમાં લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહેલા કર્મચારીઓ માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. ડીજીપી (DGP) અને મુખ્ય પોલીસ અધિકારીની મંજૂરી બાદ વિવિધ પોલીસ એકમોમાં ફરજ બજાવતા કુલ ૪૧૪ પોલીસ કર્મચારીઓની આંતરજિલ્લા બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે.




જાહેર કરાયેલી યાદી મુજબ, અનાર્મડ કોન્સ્ટેબલ અને લોકરક્ષક કેડરના ૨૨૬, આર્મડ કોન્સ્ટેબલ અને લોકરક્ષકના ૧૨૯ તેમજ હેડ કોન્સ્ટેબલ કક્ષાના ૫૯ કર્મચારીઓનો સમાવેશ થાય છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મહાનગરો સહિત વિવિધ જિલ્લાઓમાં વ્યાપક ફેરબદલ કરાયા છે. આ બદલીઓમાં ખાસ કરીને કૌટુંબિક પરિસ્થિતિ અને પતિ-પત્ની બંને સરકારી સેવામાં હોય તેવા કિસ્સાઓને અગ્રતા આપીને મોટી રાહત અપાઈ છે. બદલી પામેલા તમામ કર્મચારીઓએ નિયત સમયમર્યાદામાં નવી ફરજ પર હાજર થવાનું રહેશે, તેમજ નવી જગ્યાએ ચાર્જ સંભાળ્યા બાદ તાત્કાલિક પરત બદલીની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

# દાહોદની ખાનગી શાળામાંથી સરકારી સામગ્રી મળતા CRC કો-ઓર્ડિનેટરને ફરજમુક્ત કરાયા

દાહોદ,તા.૨૧

દાહોદના ફતેપુરાની એક ખાનગી શાળામાંથી સરકારી શાળાઓ માટે ફાળવવામાં આવેલી કીટ અને સાહિત્ય મળી આવતા શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચ્યો છે. આ સરકારી સામગ્રી ખાનગી શાળા સુધી કેવી રીતે પહોંચી તે અંગે તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી પ્રાદેશિક કમિશનર અને 3 TPOની ટીમ દ્વારા રેકોર્ડ તેમજ સ્ટોકની ચકાસણી હાથ ધરાઈ છે. આ કૌભાંડમાં બેદરકારી સામે આવતા




CRC કો-ઓર્ડિનેટર પૂર્વીબેન ઉપાધ્યાયને ફરજમુક્ત કરવામાં આવ્યા છે. કોઈ અધિકારી કે કર્મચારીની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે. અંતિમ રિપોર્ટ બાદ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરાશે.

# રાજકોટ સિવિલમાં મહિલા ડોક્ટર સાથે ગેરવર્તન કરનાર ડૉ. રામાણીની અટકાયત

રાજકોટ,તા.૨૧

રાજકોટની PDU સિવિલ હોસ્પિટલમાં મહિલા રેસિડન્ટ ડોક્ટર ક્રિશા શીંગાળા સાથે ગેરવર્તન અને મારપીટ કરવાના કેસમાં પોલીસે સિનિયર ડો. અશ્વિન રામાણીની અટકાયત કરી છે. ઈમરજન્સી વોર્ડમાં દર્દીની સારવાર મુદ્દે થયેલી બોલાચાલી બાદ ડો. રામાણીએ હાથ ઉપાડ્યો હોવાનો આક્ષેપ છે. આ ઘટનાના વિરોધમાં જુનિયર તબીબો હડતાળ



પર ઉતરી આવ્યા હતા, પરંતુ પ્રદ્યુમ્નનગર પોલીસે ગુનો નોંધી અટકાયત કરતા તબીબોએ હડતાળ સમેટીને ફરજ પુનઃ શરૂ કરી છે. તંત્ર દ્વારા સુરક્ષા બાબતે બેઠક યોજી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# અમદાવાદમાં ૨૩ ઓગસ્ટે પોલીસ વિભાગની વિવિધ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોજાશે

અમદાવાદ,તા.૨૧

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૨૩ ઓગસ્ટના રોજ અમદાવાદમા PSI (વાયરલેસ, ટેકનિકલ ઓપરેટર, મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ (ડ્રાઈવર મિકેનિક)ની ૯૫૦ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોજાશે. બે સત્રમાં લેવાનાર આ પરીક્ષા માટે અત્યાર સુધી ૨૫ હજાર ઉમેદવારોએ કોલલેટર ડાઉનલોડ કર્યા છે.

પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા ફેશિયલ રેકગ્નિશન, છૈં ટેકનોલોજી અને જીપીએસ ટ્રેકિંગનો ઉપયોગ કરાશે. સુરક્ષા વ્યવસ્થા માટે ૧૧૦૦થી



વધુ પોલીસ અને ૧૫૦૦ શિક્ષણ વિભાગના કર્મચારીઓ તૈનાત રહેશે. ભરતી બોર્ડે બાકી ઉમેદવારોને વહેલી તકે કોલલેટર ડાઉનલોડ કરવા અપીલ કરી છે.

# ગુજરાતમાં ફરી સક્રિય થઈ ત્રણ હવામાન સિસ્ટમ

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં થોડા દિવસથી નબળો પડેલો વરસાદી માહોલ હવે ફરી સક્રિય થવાની શક્યતા છે. રાજ્યમાં લો પ્રેશર, મોન્સૂન ટ્રફ અને સાઈક્લોનિક સર્ક્યુલેશન સહિતની ત્રણ હવામાન સિસ્ટમ સક્રિય થતાં આગામી દિવસોમાં વરસાદી ગતિવિધિ વધવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૨૭ ઓગસ્ટ સુધી રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદના ઝાપટાં પડી શકે છે. અમદાવાદમાં પણ વાદળછાયું વાતાવરણ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ૨૨થી ૨૬ ઓગસ્ટ દરમિયાન મધ્ય ગુજરાતમાં વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે. જોકે, હાલમાં ભારે વરસાદની કોઈ ચેતવણી આપવામાં આવી નથી. ૨૭ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન અમદાવાદ, વડોદરા, આણંદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદની તીવ્રતા વધવાની શક્યતા છે.

# આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે દિલ્હીમાં તૈયાર કરી 'બ્લ્યૂ પ્રિન્ટ'

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ હાઈકમાન્ડે 'મિશન ગુજરાત' હેઠળ અત્યારથી જ દિલ્હીમાં વિશેષ 'બ્લ્યૂ પ્રિન્ટ' તૈયાર કરી છે. કર્ણાટક અને તેલંગાણામાં પક્ષને વિજય અપાવનાર જાણીતા ઈલેક્શન સ્ટ્રેટેજિસ્ટ સુનિલ કાનુગોલુને ગુજરાત કોંગ્રેસની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ઓગસ્ટ માસના અંત સુધીમાં પ્રદેશના સંગઠનાત્મક માળખામાં મોટા ફેરફારો કરીને નવા અને સક્રિય ચહેરાઓને સ્થાન આપવામાં આવશે. આ વખતે છેલ્લી



ઘડીએ ટિકિટ વહેંચવાની ભૂલ સુધારીને, ૫૦ જેટલા સંભવિત ઉમેદવારોને ચોક્કસ રોડમેપ આપી ગ્રાઉન્ડ લેવલ પર સક્રિય કરવાની રણનીતિ ઘડાઈ છે. બીજી તરફ, લાંબા સમયથી અટકેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષી નેતા તરીકે નિરવ બક્ષીનું નામ લગભગ નિશ્ચિત મનાઈ રહ્યું છે.